પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૮-૦૧-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના ડે. સીએમ અજિત પવારનું નિધન

## મુંબઈથી ઉડાન ભરનાર ચાર્ટડ પ્લેન બારામતીમાં લેન્ડીંગ વખતે રનવે પરથી સરકી જતા દુર્ઘટનામાં તમામ પાંચ લોકોના મોત નિપજ્યાં



અજિત પવાર
1959
2026

નવી દિલ્હી, તા. ૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું નિધન થયું છે. તેઓ ૬૬ વર્ષના હતા. બુધવારે સવારે ૮:૪૫ વાગ્યે બારામતીમાં તેમનું પ્લેન ક્રેશ થયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન આ અકસ્માત થયો હતો. પ્લેનમાં અજિત પવારની સાથે હાજર તેમના અંગત મદદનીશ, સુરક્ષાકર્મી અને પ્લેન સ્ટાફ સહિત ૫ લોકોના મોત થયા છે.

અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, પવાર મુંબઈથી ચાર્ટર્ડ પ્લેનમાં બારામતી ગયા હતા. ત્યાં લેન્ડિંગ દરમિયાન પ્લેન રનવે પરથી લપસી ગયું હતું. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ અકસ્માતમાં ૫ લોકોના મોતની પુષ્ટિ કરી છે.

અજિત પવાર મહારાષ્ટ્ર પંચાયત ચૂંટણી માટે બારામતીમાં જનસભાને સંબોધવા જઈ રહ્યા હતા. શરદ પવાર મુંબઈમાં અને સુપ્રિયા સુલે દિલ્હીમાં હતા. અકસ્માતની જાણ થતા જ તેઓ સમગ્ર પરિવાર સાથે બારામતી જવા રવાના થઈ ગયા હતા. પરિવારના બાકીના સભ્યો તેમના મુંબઈ નિવાસસ્થાને જવા રવાના થયા છે.પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલી ફ્લાઈટ એટેન્ડન્ટ પિંકી માલી જૌનપુર જિલ્લાના કેરાકત તાલુકાની રહેવાસી હતી. પિંકી માલી છેલ્લા પાંચ-છ વર્ષથી ફ્લાઈટ એટેન્ડન્ટ તરીકે કામ કરી રહી હતી.

નાયબ મુખ્યમંત્રી અજિત પવારના નિધન બાદ મહારાષ્ટ્ર સરકારના તમામ કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે. એકનાથ શિંદે બારામતી પહોંચી રહ્યા છે. અજિત પવારના નિધન પર શોક વ્યક્ત કરવા માટે બારામતી બંધનું એલાન આપવામાં આવ્યું છે.

અજિત પવારના અવસાનના સમાચાર મળતા જ પીએમએ CM દેવેન્દ્ર ફડણવીસ પાસેથી અકસ્માતની જાણકારી મેળવી. તેમણે X પર અજિત પવાર સાથેની પોતાની ૨ તસવીરો શેર કરતા લખ્યું- "અજિત પવાર જનતાના નેતા હતા, જેમનું પાયાના સ્તરે મજબૂત જોડાણ હતું. મહારાષ્ટ્રના લોકોની સેવા કરવામાં અગ્રેસર રહેનારા એક મહેનતુ વ્યક્તિત્વ તરીકે તેમનું ખૂબ સન્માન કરવામાં આવતું હતું. વહીવટી બાબતોમાં તેમની સમજ અને ગરીબો તથા વંચિતોને સશક્ત બનાવવાનો તેમનો જુસ્સો પણ પ્રશંસનીય હતો. તેમનું અકાળે અવસાન ખૂબ જ ચોંકાવનારું અને દુઃખદ છે. તેમના પરિવાર અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ."

### લીયર જેટના વિમાનના ક્રેશ લેન્ડીંગ અંગે તપાસના આદેશ

નવી દિલ્હી, તા. ૨૮

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારને નડેલી વિમાની દુર્ઘટનાના ખબર મળતા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસનો સંપર્ક કરીને માહિતી મેળવી હતી. અજીત પવારનું વિમાન લીયર જેટ-૪૫ વર્ગનું હતુ અને તેમાં બે પાયલોટ સહિત પાંચ લોકો પ્રવાસ કરી રહ્યા હતા.

વિમાનનું રજીસ્ટ્રેશન વીટી-એસએસકે અને એક ખાનગી કંપની દ્વારા સંચાલિત હતું. સવારે ૮.૪૫ કલાકે આ દુર્ઘટના બની હતી. જોકે હવામાન તે સમયે યોગ્ય હતું અને આથી વિમાની દુર્ઘટનાના તપાસના આદેશ આપવામાં આવ?યા છે.

### મહારાષ્ટ્રમાં શોકની લગાણી

## ૮.૪૫ કલાકે દુર્ઘટના સમયે હવામાન પણ યોગ્ય હતું

#### દુર્ઘટના અંગે વડાપ્રધાન મોદી અને અમીત શાહએ માહિતી મેળવી

મુંબઈ, તા. ૨૮

આજે એક કમનસીબ વિમાની દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તથા રાષ્ટ્રવાદી કોંગ્રેસના વડા અજીત પવારનું નિધન થયું છે. પવાર મુંબઈથી બારામતી જઈ રહ્યા હતા તે સમયે બારામતી નજીક એક ખાનગી એરપોર્ટ ઉપર ઉતરાણ કરતા સમયે તેમનું વિમાન અચાનક જ તુટી પડયું હતું અને તેમાં પવાર ઉપરાંત તેમના પર્સનલ સેક્રેટરી તથા એટેન્ડન્સ તથા વિમાનના બંને પાયલોટના મૃત્યુ નિપજયા હતા.

આ દુર્ઘટના સવારે ૮.૪૫ કલાકે બની હતી. મહારાષ્ટ્રના રાજકારણમાં અત્યંત મહત્વનું સ્થાન ધરાવતા અજીત પવાર બારામતીમાં યોજાઇ રહેલી જિલ્લા પરીષદની ચૂંટણીમાં પ્રચાર માટે જઇ રહ્યા હતા અને તે તેમની અંતિમ હવાઇ સફર બની રહી હતી. ન્યુઝ એજન્સીના જણાવ્યા મુજબ પવારનું ચાર્ટર્ડ પ્લેનનું ક્રેશ લેન્ડીગ થયા બાદ વિમાન પુરી રીતે આગમાં લપેટાઇ ગયું હતું.

દુર્ઘટનાની જાણ થતા જ વિમાની મથક અને બારામતી ફાયર બ્રિગેડ સહિતની બચાવ ટીમ દોડી ગઇ હતી પરંતુ કોઇને બચાવી શકાયા ન હતા. પવારના નિધનથી મહારાષ્ટ્રમાં શોકની લહેર વ્યાપી ગઇ છે. તેઓ રાજયના મરાઠા નેતા તરીકે જાણીતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા મહારાષ્ટ્રમાં પણ મુખ્યમંત્રી રહી ચુકેલા શરદ પવારના ભત્રીજા હતા.

અનુસંધાન પાના ૭ પર

## ઈન્દોરમાં દૂષિત પાણી મુદ્દે હાઈકોર્ટ દ્વારા સ્વતંત્ર તપાસ પંચની નિમણુંક

#### તપાસ અહેવાલ માત્ર આંખમાં ધૂળ નાખવા જેવો છે : હાઈકોર્ટ

નવી દિલ્હી, તા. ૨૮

ઈન્દોરના ભાગીરથપુરામાં દૂષિત પાણીથી થઈ રહેલા મૃત્યુના મામલે હાઈકોર્ટે કડક વલણ અપનાવતા શાસન અને નગર નિગમના રિપોર્ટને 'આઈ-વોશ' ગણાવ્યો છે. કોર્ટે માન્યું કે આ મામલો ગંભીર જાહેર આરોગ્ય કટોકટી સાથે સંકળાયેલો છે અને સ્વચ્છ પીવાના પાણીનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવનના અધિકારનો ભાગ છે. મામલાની ગંભીરતાને જોતા હાઈકોર્ટે સ્વતંત્ર તપાસ પંચની રચનાનો આદેશ આપ્યો છે.

મંગળવારે ભાગીરથપુરામાં વધુ એક વ્યક્તિનું મૃત્યુ થયું, જેનાથી અત્યાર સુધી મૃત્યુઆંક ૨૯ પર પહોંચી ગયો છે. મૃતક ખૂબચંદ (ઉં.વ.૬૩) છેલ્લા ૧૫ દિવસથી ઉલટી-ઝાડાથી પીડાઈ રહ્યા હતા. પરિવારજનોના મતે, તેઓ પહેલા સ્વસ્થ હતા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી સારવાર છતાં તેમનો જીવ બચી શક્યો નહીં.ભાગીરથપુરા કેસમાં દાખલ કરાયેલી જનહિત અરજીઓ પર હાઈકોર્ટની ઈન્દોર બેંચમાં અઢી કલાકથી વધુ સમય સુધી સુનાવણી ચાલી. શાસન દ્વારા કોર્ટમાં ૨૩ મૃત્યુનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો, જેમાં ૧૬ મૃત્યુ દૂષિત પાણીથી થયા હોવાનું જણાવાયું. જ્યારે ૪ મૃત્યુ અંગે અસમંજસ અને ૩ મૃત્યુ દૂષિત પાણીથી ન થયા હોવાનું જણાવાયું.હાઈકોર્ટે મૃત્યુના આંકડા અંગે ગંભીર અસહમતિ નોંધાવી. જ્યાં સરકારી રિપોર્ટમાં ૧૬ મૃત્યુ જળજન્ય રોગથી થયા હોવાનું માનવામાં આવ્યું.

## સંસદના બજેટ સત્રનો આરંભ

### રાષ્ટ્રપતિના અભિભાષણ દરમિયાન વિપક્ષે હોબાળો મચાવ્યો

નવી દિલ્હી, તા. ૨૮

૧૮મી લોકસભાના બજેટ સત્રનો પ્રથમ ભાગ બુધવારે લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન સાથે શરૂ થયો છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે સરકાર દેશમાં સામાજિક ન્યાય માટે પ્રતિબદ્ધ છે. સરકાર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો સામનો કરવામાં સફળ રહી છે.

રાષ્ટ્રપતિએ ભાષણમાં VB-જી રામ જી કાયદાનો ઉલ્લેખ કર્યો. આના પર વિપક્ષે હોબાળો કર્યો અને 'કાયદો પાછો ખેંચો'ના નારા લગાવ્યા.

બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી ૨ એપ્રિલ સુધી ચાલશે. તે બે ભાગમાં હશે. પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી અને બીજો ભાગ ૯ માર્ચથી ૨ એપ્રિલ સુધી રહેશે. આ દરમિયાન કુલ ૩૦ બેઠકો યોજાશે. ૨૮ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ કોઈ શૂન્યકાળ રહેશે નહીં.



રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, મારી સરકારે ૬૦ હજાર યુવાનોને સેમિકન્ડક્ટર માટે તાલીમ આપી. ૧૦ લાખ યુવાનોને છૈં માટે તાલીમ આપવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, 'સરકાર દલિતો, પછાત વર્ગ, આદિવાસી સમુદાય અને દરેક માટે સંપૂર્ણ સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે. સબકા સાથ સબકા વિકાસનું વિઝન દરેક નાગરિકના જીવન પર સકારાત્મક અસર કરી રહ્યું છે. ૨૦૧૪ની શરૂઆતમાં, સામાજિક સુરક્ષા યોજનાઓ માત્ર ૨૫ કરોડ નાગરિકો સુધી પહોંચી હતી. સરકારના પ્રયાસોથી હવે લગભગ ૯૫ કરોડ ભારતીયોને સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મળી રહ્યો છે.'

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, 'મુદ્રા યોજના હેઠળ લગભગ ૩૮ લાખ કરોડ રૂપિયાનું ફંડ બહાર પાડવામાં આવ્યું છે. લગભગ ૧૨ કરોડ લોન રોજગાર માટે આપવામાં આવી. પીએમ સ્વનિધિ યોજનાથી ૭૨ લાખ લોકોને ૧૬ લાખ કરોડ રૂપિયાની મદદ મળી ચૂકી છે. આજે લગભગ ૨ લાખ સ્ટાર્ટઅપ નોંધાયેલા છે. તેમાં ૨૦ લાખથી વધુ

અનુસંધાન પાના ૭ પર

## યુરોપિયન ડેલીગેટસ માટે રાષ્ટ્રપતિ ભવનમાં ભોજન સમારંભ યોજાયો

#### ભારત ગ્લોબલ પોલિટિક્સમાં ટોચ પર પહોંચ્યું છે : ઉર્સુલા

નવી દિલ્હી, તા. ૨૮

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનના સન્માનમાં મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક રાજનીતિમાં ટોચ પર પહોંચી ગયું છે. તેમણે કહ્યું કે આ એક એવો વિકાસ છે જેનું યુરોપ સ્વાગત કરે છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયગાળામાં, ભારત અને યુરોપની વિચારસરણી અને દૃષ્ટિકોણ સમાન છે. અમારું માનવું છે કે વૈશ્વિક પડકારોનો સામનો ફક્ત સામૂહિક પ્રયાસોથી જ કરી શકાય છે.કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને અન્ય ઘણી મોટી હસ્તીઓ હાજર રહી હતી.રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ડિનરમાં યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટાએ કહ્યું કે, ઝડપથી બદલાતી દુનિયામાં, અમારી વ્યૂહાત્મક ભાગીદારી મોટુંઆર્થિક અને ભૂ-રાજકીય મહત્વ ધરાવે છે. મને આજના શિખર સંમેલનના પરિણામો પર ગર્વ છે.તેમણે કહ્યું કે અમે નક્કર પ્રગતિ કરી છે અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, સુરક્ષા અને ડિફેન્સ પાર્ટનરશિપ અને ૨૦૩૦ માટે સંયુક્ત વ્યૂહાત્મક એજન્ડા સાથે વૈશ્વિક મુદ્દાઓ પર સહકારી નેતૃત્વનું એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## બીજો અમેરિકી નૌકાદળનો કાફલો ઈરાન તરફ આગળ વધે છે : ટ્રમ્પ

#### ઈરાનને સમાધાન કરી લેવા ટ્રમ્પે ધમકી આપી

નવી દિલ્હી, તા. ૨૮

ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો પછી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ પોતાની ધમકીઓ તેજ કરી દીધી છે. અમેરિકા ઈરાનની આસપાસ પોતાની સૈન્ય હાજરી વધારવાની તૈયારીમાં છે.

મંગળવારે આપેલા એક ભાષણમાં ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાનો વધુ એક નૌકાદળનો કાફલો ઈરાનની દિશામાં આગળ વધી રહ્યો છે. જોકે, ટ્રમ્પે વધુ માહિતી આપી ન હતી. તેમણે આશા વ્યક્ત કરી છે કે ઈરાનને નવા કરાર પર સહમત કરી શકાય છે.એક અઠવાડિયા પહેલા પણ ટ્રમ્પે આ જ પ્રકારનું નિવેદન આપતા કહ્યું હતું કે એક મોટો અમેરિકી સૈન્ય કાફલો ઈરાન તરફ આગળ વધી રહ્યો છે. બીબીસી ફારસીના અહેવાલ મુજબ, અમેરિકી યુદ્ધ જહાજ 'USS અબ્રાહમ લિંકન' મિડલ ઈસ્ટમાં પહોંચી ચૂક્યું છે.USS અબ્રાહમ લિંકન અમેરિકી નૌકાદળનું એક ન્યુક્લિયર-પાવર્ડ એરક્રાફ્ટ કેરિયર છે. તેને વિશ્વના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી યુદ્ધ જહાજોમાંથી એક માનવામાં આવે છે.ટ્રમ્પે એક્સિયોસને આપેલા એક અલગ ઇન્ટરવ્યૂમાં કહ્યું કે ઈરાન સાથેની સ્થિતિ અત્યારે બદલાઈ રહી છે. તેમણે દાવો કર્યો કે ઈરાન હવે વાતચીત માટે તૈયાર થઈ શકે છે. ટ્રમ્પે કહ્યું, "અમારી પાસે ઈરાન નજીક એક મોટો આર્મડા છે, જે વેનેઝુએલા કરતાં પણ મોટો છે."તેમણે એ પણ કહ્યું કે ઈરાનના અધિકારીઓ ઘણી વખત સંપર્ક કરી ચૂક્યા છે અને તેઓ ડીલ કરવા માંગે છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન વાત કરવા માટે ઉત્સુક છે.એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ પત્રકારોને જણાવ્યું કે અમેરિકા વાતચીત માટે તૈયાર છે. જો ઈરાન સંપર્ક કરે છે અને શરતોને

અનુસંધાન પાના ૭ પર

## પહાડ પરથી પાણી જેમ વેહતો બરફ : સોનમર્ગમાં હિમ તોફાન

#### કાશ્મીર, હિમાચલ તથા ઉત્તરાખંડમાં સતત હિમવર્ષા

નવી દિલ્હી, તા. ૨૮

જમ્મુ-કાશ્મીરના સોનમર્ગમાં બરફનુ ભયાનક તોફાન ત્રાટકયુ હતું તેમાં હોટલો સહિતની ઈમારતોને વ્યાપક નુકશાન થયું હતું. સેંકડો લોકો ફસાયાની આશંકા છે. બીજી તરફ કાશ્મીર, હિમાચલ તથા ઉતરાખંડમાં હિમવર્ષાનો સિલસિલો ચાલુ રહેવા સાથે ચેતવણી પણ આપવામાં આવી છે.

કાશ્મીરના ગોદરબલ જીલ્લામાં આવેલા સોનમર્ગમાં રાત્રે બરફનુ ભયાનક તોફાન ત્રાટકયુ હતું જેમાં સંખ્યાબંધ હોટલો, મકાનો, ઈમારતો ઝપટે ચડી ગઈ હતી. પહાડ પરથી નદીની જેમ બરફની લહેર નીચે ત્રાટકી હતી અને સમગ્ર વિસ્તારને તાણી લીધો હતો.

જેને પગલે નાસભાગ અને અફડાતફડી મચી હતી. કુદરતી આફતમાં સીસીટીવી ફુટેજ વાયરલ બન્યા છે. સોનમર્ગના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ટ્રકયાર્ડ વિસ્તારમાં આ બરફની લહેરો ખાબકી હતી જાનહાની કે જાનખુવારીના કોઈ રીપોર્ટ નથી તેની તપાસ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ સમગ્ર કાશ્મીરમાં હિમવર્ષાનો દૌર ચાલુ જ રહ્યો છે. શ્રીનગરમાં પણ વરસાદ અને ખરાબ વાતાવરણ વચ્ચે તમામ ૫૮ ફલાઈટ રદ કરી નાખવામાં આવી હતી. શ્રીનગરમાં હળવો બરફ વરસ્યો હતો.જયારે ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગાવ સહિતના ઉંચાઈવાળા ભાગોમાં ભારે હિમવર્ષા હતી અને વિન્ટર વન્ડર વર્લ્ડનું દ્રશ્ય સર્જાયુ હતું. શ્રીનગર-જમ્મુ હાઈવે બંધ જ રાખવામાં આવ્યો હતો અને

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કીમના યુવક એરગન સાથે રીલ બનાવી સોશ્યલ મીડિયા પર મૂકી દેતા ચકચાર

## કીમ પોલીસ દ્વારા રીલ બનાવનાર યુવક પીયુશ ઉર્ફે પાર્થ દિલીપભાઇ ચૌધરીની ધરપકડ

સુરત, તા.૨૮

સુરત જિલ્લમાં એક યુવકે પિસ્તોલ જેવી દેખાતી એરગન સાથે લગ્નમાં રીલ બનાવી સોશિયલ મીડિયા માધ્યમ થી ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરી હતી. આ કૃત્યથી લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો આ સોશિયલ મીડિયા ના આધારે જિલ્લા પોલીસ ટિમ ને જાણકારી મળી હતી અને યુવક કિમ વિસ્તાર હોવાનું જાણ થતા સુરત ગ્રામ્ય પોલીસે કીમ વિસ્તારમાંથી એક ૧૯ વર્ષીય યુવકની ધરપકડ કરી છે પોલીસે લબર મુછીયો યુવકને કાયદા નું ભાન કરાયું હતું

પ્રાપ્ત માહિતી અનુસાર દક્ષિણ ગુજરાતના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ પોતાના સાયબર ટિમ ધ્વરા અવાર નવાર સોશિયલ મીડિયા માધ્યમ મોનીટરીગ કરતા હોય છે જયારે દક્ષિણ ગુજરાત ની કોઈ રીલ દેખાય જેમાં કાયદો ભંગ થતો હોય તેવા વીડિયા લઈને લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો આ વિડીયો બનાવનાર પર પગલાં ભરવાનું નિર્દેશ આપતા હોય છે ત્યારે આવો એક વિડીયો કીમ વિસ્તારમાંથી એક ૧૯ વર્ષીય યુવક લગ્ન માં એક રીલ બનાવી ને પિસ્તોલ હાવમાં હાથ માં લઈને ડાન્સ કરતા દેખાતા હતો જેની તપાસ સુરત રૂરલ ના પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાની આપમાં આવી હતી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સોશિયલ મીડિયાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.આ તપાસમાં આ મોનિટરિંગ દરમિયાન કીમ પોલીસને બાતમી મળી હતી કે એક યુવકે પિસ્તોલ જેવા હથિયાર સાથે લગ્નમાં રીલ બનાવી ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી છે. આ વીડિયોથી લોકોમાં ડર પેદા થઈ શકે તેમ હતું. અનુભવી અને સુરત ક્રાઈમ ફરજ બજવી ચૂકેલા ડીવાયએસપી આર.આર. સરવૈયાના માર્ગદર્શન હેઠળ કીમ પો.ઈન્સ. પી.ડી. કોટડીયાની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને ખાનગી રાહે તપાસ હાથ ધરી હતી. એ.એસ.આઇ. યશપાલસિંહ અને પો.કો. દેવરાજભાઈએ વીડિયો અપલોડ કરનાર પીયુશ ઉર્ફે પાર્થ દિલીપભાઈ ચૌધરી (ઉ.વ. ૧૯, રહે. જમરૂખ ગલી, કીમ ગામ, તા. ઓલપાડ)ની ઓળખ કરી હતી.કિમ પોલીસ પૂછપરછમાં

અનુસંધાન પાના ૭ પર

# કોસંબા સ્ટેશન પર બ્લોકને કારણે ત્રણ ટ્રેનો રદ કરાઈ

## ભરૂચ-વિરાર એક્સપ્રેસ આંશિક રીતે રદ

સુરત, તા.૨૮

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના સુરત-વડોદરા વિભાગમાં આવેલા કોસંબા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્ય હેતુ એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ (બુધવાર) ના રોજ કેટલીક ટ્રેનો રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ પૂર્ણતઃ રદ ટ્રેનો ૧. ટ્રેન નં ૫૯૦૪૯ વલસાડ - વડોદરા પેસેન્જર ટ્રેન ૨૮ જાન્યુઆરી રદ રહેશે. ૨. ટ્રેન નં. ૫૯૦૫૦ વડોદરા – વલસાડ પેસેન્જર ટ્રેન ૨૮ જાન્યુઆરીના રોજ રદ રહેશે. ૩.ટ્રેન નં. ૬૯૧૫૦ ભરૂચ – સુરત મેમુ ટ્રેન ૨૮ જાન્યુઆરીના રોજ રદ રહેશે. આંશિક રીતે રદ ૧. ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ટ્રેન નં. ૧૯૧૦૧ વિરાર – ભરૂચ એક્સપ્રેસ ટ્રેન સુરત સુધી ચાલશે.તથા સુરત ભરૂચ ની વચ્ચે આંશિક નિરસ્ત રહેશે રેલયાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન શકે છે.



# કૃભકો દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ

## પ્લાન્ટ હેડ પી.ચંદ્ર મોહનને હસ્તે તિરંગો ફરકાવાયો

સુરત, તા.૨૮

કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડદ્વારા કૃભકો ટાઉનશિપના ઓપન-એર ગ્રાઉન્ડમાં ૨૦૨૬ના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ખૂબ જ આદર, સન્માન અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે કૃભકો હજીરા પ્લાન્ટ (સુરત)ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (ઓપરેશન્સ) અને પ્લાન્ટ હેડ શ્રી પી. ચંદ્ર મોહને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો, ત્યારબાદ સિક્યુરિટી વિભાગના જવાનો અને કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા માર્ચ-પાસ્ટ (પરેડ) યોજવામાં આવી હતી. કેન્દ્રીય વિદ્યાલય અને ન્યુ ફ્લાવર સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત વિશાળ જનમેદની સમક્ષ દેશભક્તિના ગીતો અને નૃત્યો રજૂ કર્યા હતા. આ પર્વની ઉજવણીમાં વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.કર્મચારીઓનું મનોબળ વધારવાના ઉદ્દેશ્ય સાથે, શ્રી પી. ચંદ્ર મોહન અને કૃભકોના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા કર્મચારીઓને તેમની લાંબી સેવા, શ્રેષ્ઠ કામગીરી અને કૃભકો પ્લાન્ટની સુધારણા માટે આપેલા પ્રશંસનીય સૂચનો બદલ ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પ્રાદેશિક, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ રમતગમતની પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર બાળકોને પણ પુરસ્કારો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.



# અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે ગણતંત્ર દિને ધ્વજ વંદન કરાયું

## પ્રજાસત્તાક દિવસની શુભકામના પાઠવતા નાઝુભાઈ ફડવાલા



અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે આજે ૭૭માં ગણતંત્ર દિવસ નીમીત્તે ધ્વજ વંદન નો કાયઁકમ યોજાયો.જેમા નગહપાલીકા વિપક્ષના નેતા શાકીર મલેક અને એડવોકેટ મોહંમદ અનીશ મલેક ના હસ્તે રાષ્ટ ધ્વજુને સલામી આપી ધ્વજારોહણ કયુઁ હતું.. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નાઝુ ફડવાલાએ ૭૭માં ગણતંત્ર દિવસ ની શુભેચ્છા પાઠવી હતી અને ઉપસ્થીત મહેમાનો,શિક્ષકો અને વિધ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજે દુનીયા ભારત દેશ તરફ આશાની ને નજરે જોઇ રહી છે. સૌથી યુવાન દેશ છે. આપણે એવા વિધ્યાર્થીઓ તૈયાર કરવાનાં છે જે દેશ ની સાથે દુનીયાને મદદરુપ થાય અને માનવ કલ્યાણમાં મહત્વનું યોગદાન આપે.આજે આપણે શીક્ષા અને જ્ઞાન થી દુનીયામાં આપણું આગવું સ્થાન બનાવયુ છે.આપણે ના રોકાઈશું કે ના ઝુકીશું એ આપણે ભારત દેશને વચન આપીએ છીએ.મુખ્ય મહેમાન શાકીર મલેકે જણાવ્યું કે જેમ સ્વતંત્રાસેનાનીઓએ પોતાનું

અનુસંધાન પાના ૭ પર

# નવી સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા એક વર્ષમાં ૯૦ અંગદાનની અભૂતપૂર્વ સિદ્ધિ

## પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે જિલ્લા કક્ષાએ સન્માનિત કરાયા

સુરત, તા.૨૮

'અંગદાન' ક્ષેત્રે સુરતની નવી સિવિલ હોસ્પિટલે રાજ્યભરમાં પ્રેરણારૂપ કામગીરી કરી છે. હોસ્પિટલના મેડિકલના તબીબી અધિશ્રક અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા વર્ષ દરમિયાન કુલ ૯૦ અંગદાન મેળવીને અનેક જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન બક્ષવાની પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. આ સેવાકીય યજ્ઞની નોંધ લેતા, ૨૬મી જાન્યુઆરીના રોજ માંડવી ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં આ ટીમને પ્રશંસાપત્ર આપી વિશેષ સન્માનિત કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. ધારિત્રી પરમારના કુશળ માર્ગદર્શન હેઠળ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, પ્લાસ્ટિક સર્જન ડો.નિલેશ કાછડિયા, ન્યુરો સર્જન ડો.હરેશ પારેખ, એનેસ્થેટીક ડો.નિતા કવિશ્વર, સહિતના તબીબો અને કાઉન્સિલરોએ અંગદાન માટે જનજાગૃતિ અને કાઉન્સિલિંગનું ભગીરથ કાર્ય કર્યું છે. આ તકે આરએમઓ ડો.કેતન નાયકે જણાવ્યું હતું કે, ટીમ વર્ક થકી જે એવોર્ડ અને સન્માન કરાયું જે સિવિલ હોસ્પિટલની ટીમ માટે ગર્વની બાબત છે. સિવિલ હોસ્પિટમાં અત્યારે સુધી ૯૦ લોકોના અંગદાન પ્રાપ્ત થયા છે. આ અવસરે નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલાએ કહ્યું હતું કે, અંગદાનની આ સફળતા પાછળ હોસ્પિટલની ટીમની સાથે સાથે અંગદાન કરનાર પરિવારોની ઉદારતા પણ એટલી જ મહત્વની છે. પોતાના સ્વજનને ગુમાવ્યાના આઘાત અને અસહ્ય દુઃખના સમયે પણ, કાઉન્સિલિંગ ટીમની સમજાવટથી પરિવારો જ્યારે 'અંગદાન' માટે સંમતિ આપે છે, ત્યારે જ આ સેવાકાર્ય શક્ય બને છે. પરિવારોની આ સમજણ અને તબીબોની મહેનતને કારણે જ આજે અનેક લોકોના ઘરે ફરી ખુશીઓ પરત ફરી છે. નોંધનીય છે કે, નવી સિવિલ હોસ્પિટલ સુરતની વર્ષ-૨૦૨૪માં દર્દી બ્રેઈન ડેડ થયા પછી સૌથી વધુ સફળ અંગદાન પ્રાપ્ત કર્યા છે. જે બેસ્ટ કામગીરી કરવા બદલ નવી સિવિલ હોસ્પિટલ સુરતને વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ 'Best Non Transplant Organ Retrieval Center' તરીકેનો એવોર્ડ કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

# વરનામા મકરપુરા વચ્ચે બ્લોકના કારણે કેટલીક ટ્રેનો અસરગ્રસ્ત

## આવતીકાલે ઘણી ખરી ટ્રેનો મોડી દોડશે

સુરત, તા.૨૮

સુરત-વડોદરા વિભાગમાં વરનામા-મકરપુરા ની વચ્ચે બ્રિજ નંબર ૫૭૦ના હાલના સ્ટીલ ગર્ડર્સને PSC સ્લેબથી બદલવા હેતુ અપ લાઇન પર ૨૮ જાન્યુઆરી અને ડાઉન લાઇન પર ૨૯ જાન્યુઆરીએ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ- ૨૮ જાન્યુઆરીએ રેગુલેટ થનારી ટ્રેનોઃ- ૧. ટ્રેન નંબર ૧૯૦૨૦ હરિદ્વાર – બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧ કલાક ૧૦ મિનિટ રેગુલેટ થશે. ૨. ટ્રેન નંબર ૧૯૦૧૨ દાહોદ – વલસાડ એક્સપ્રેસ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧ કલાક ૧૦ મિનિટ રેગુલેટ થશે. ૩.ટ્રેન નંબર ૫૯૦૫૦ વડોદરા – વલસાડ પેસેન્જર ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૪૦ મિનિટ રેગુલેટ થશે. ૨૯ જાન્યુઆરીએ

અનુસંધાન પાના ૭ પર

# સાયણમાં આકસ્મીક રીતે બે શ્રમિકોના મોત નિપજ્યા

## એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી પડતા એકનું મોત

સુરત, તા.૨૮

ઓલપાડ તાલુકાના સાયણ ટાઉનમાં રહેતા ઓરીસ્સા રાજ્યના બે શ્રમિકો અકસ્માત ની જુદી-જુદી બે ઘટનાઓમાં મોતને ભેટ્યા છે.

અકસ્માત મોત ની પ્રથમ ઘટનામાં ગંજામ જિલ્લાનો વતની કાર્તિક કનિધિ ગૌડા(ઉ.વ.૩૯)હાલમાં સાયણ સુગર રોડ ઉપર આવેલ શ્રી એન્કલેવ કોમ્પ્લેક્ષમાં રહી ટેક્ષટાઈલ કારખાનામાં લુમ્સ મશીન ચલાવતો હતો.કાર્તિક ગૌડા ગત સોમવાર,તા.૨૬ નાં રોજ તેના રહેઠાણની બાજુમાં બની રહેલ નવા એપાર્ટમેન્ટનાં ત્રીજા માળેથી બપોરે- ૧૨:૦૦ કલાકનાં સુમારે કોઈ અગમ્ય કારણોસર નીચે જમીન ઉપર પટકાયો હતો.જેથી તેને શરીર નાં થાપાનાં પાછળનાં ભાગે ગંભીર ઈજા થવાથી તેનું ઘટના જ સ્થળે પ્રાણ પંખીડું ઉડી ગયું હતું.આ બાબતે મૃતકનાં વતનના સંતોષ સુકરીયા ગૌડાએ ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી.જેના પગલે પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી આ શંકાસ્પદ મોત મામલે વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે અકસ્માત મોતની બીજી ઘટનામાં ગંજામ જિલ્લાનો વતની સુભાષ ગૌડા ચેતન્ય ગૌડા(ઉ.વ.૫૧) હાલમાં સાયણ-સિવાણ રોડ ઉપર આવેલ ગોલ્ડન એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે રહી લુમ્સ કારખાનામાં કામ કરતો હતો.આ આધેડ શ્રમિક ગત તા.૨૦ મી જાન્યુઆરીના રોજ સવારે-૮:૩૦ કલાક નાં સુમારે તેના રહેઠાણના એપાર્ટમેન્ટનાં ત્રીજા માળેથી જયારે દાદર ઉતરી રહ્યો હતો, ત્યારે અચાનક તેનો પગ લપસી પડતા તે દાદર પરથી ગબડ્યો હતો.જેથી તેને શરીર તથા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી સાયણ ખાતેની જીવનરક્ષા હોસ્પિટલ માં પ્રાથમિક સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જ્યાં

અનુસંધાન પાના ૭ પર

# એકે રોડ પર ફુલ માર્કેટમાં હપ્તા વસુલી તથા ખુલ્લી ગુંડાગીરી

## ફુલ બજારમાં માથાભારે તત્વોએ કબજો જમાવ્યો હોવાની દર્શન નાયકની ફરિયાદ

સુરત, તા.૨૮

સુરત શહેરના વરાછા ઝોન અંતર્ગત અશ્વિની કુમાર રોડ સ્થિત ફૂલ માર્કેટમાં ચાલતી ગુંડાગીરી, હપ્તા વસુલી, એકહથ્થુ ગેરકાયદેસર વહીવટ અને બેદરકારીણી તપાસ કરી જવાબદાર સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા બાબતે સુરત કલેક્ટર તથા મ્યુનિ. કમિશનરને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે, અમોને અસરગ્રસ્ત ખેડૂતો અને વેપારીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆત મુજબ સુરત શહેરના વરાછા ઝોન અંતર્ગત અશ્વિની કુમાર રોડ પર આવેલા ફૂલ માર્કેટમાં ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિશે જાણ કરીએ છીએ. આ માર્કેટ હાલમાં સંપૂર્ણપણે ગેરકાયદેસર તત્વોના કબજામાં ચાલી રહ્યું છે. અહીં અમુક વ્યક્તિઓ ગેરકાયદેસર રીતે વહીવટકર્તા બની બેઠા છે અને ખુલ્લેઆમ દાદાગીરી, હપ્તા વસુલી અને એકહથ્થુ શાસન ચલાવી રહ્યા છે.

આ ગેરકાયદેસર વહીવટકર્તાઓ દ્વારા ખેડૂતોનો માલ ઈચ્છાપૂર્વક ખરાબ થઈ જાય તેવી વ્યવસ્થિત રીતે આયોજન કરવામાં આવે છે અને ત્યારબાદ ખેડૂતોને તેમની જ મહેનતની કમાણીથી વંચિત કરી તેમની રકમ હડપ કરી લેવામાં આવે છે. આથી ખેડૂતો અન વેપારીઓ ભારે આર્થિક નુકસાન ભોગવી રહ્યા છે.

આ ઉપરાંત, અસામાજિક તત્વો દ્વારા પોતાની પરવાનગી સિવાય કોઈપણ વ્યક્તિને ફૂલ માર્કેટમાં ધંધો કરવા દેતા નથી અને જે કોઈ વિરોધ કરે છે તેને ધમકી આપવામાં આવી રહેલ છે.અગાઉ એક ફૂલનાં વેપારીને જાહેરમાં માર મરાવીને ફૂલ માર્કેટમાંથી ભગાડી દેવાયો હતો. આ ગંભીર ગુનાહિત ઘટના અંગે અસરગ્રસ્ત વેપારી દ્વારા વરાછા પોલીસ સ્ટેશનમાં તા. ૨૭/૧૨/૨૦૨૫ના રોજ તેમજ

અનુસંધાન પાના ૭ પર

# રાજપૂત સમાજ વોલીબોલ પ્રીમિયર લીગ-૧નું આયોજન

## વચનોમાં ક્ષત્રિય પાછા નથી ફરતાંઃ પ્રિન્સ મહિડા

સુરત, તા.૨૮

ગોપાળેશ્વર મહાદેવ મંદિર નાં લાભાર્થી રાજપૂત સમાજ વોલીબોલ પ્રીમિયર લીગ-૧ નું ૨૦૨૬ નાં વર્ષ માં સમાજ ના યુવાનો માં આત્મવિશ્વાસ સ્પર્ધાત્મક ટીમ વર્ક ભાવના તેમજ અરસપરસ વિસ્તાર ના યુવાનો એકબીજા સાથે પરિચય થાય અને જોડાયેલા રહે, યુવાનો ની એકતા માં વધારો થાય તેવાં આશ્રય થી વોલીબોલ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ વોલીબોલ ની ટુર્નામેન્ટ યુવાનો ની ઉત્સાહ માં વધારો કરવા માટે અને રાજપૂત સમાજ ઉભરતો ચહેરો સુરત જિલ્લા કરણી સેના ના પ્રવક્તા પ્રિન્સ મહિડા ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.અને યુવાનો ને સંબોધન કરતાં જણાવ્યું હતું કે સમાજ નાં યુવાનો સમાજ નાં ઈતિહાસ વિશે ઉંડાણ પૂર્વક ઉતરે વારસા તેમજ સંસ્કૃતિ નું જતન કેવી રીતે કરી શકાય એના વિશે વિચાર કરવો જરૂરી હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે વલસાડ જિલ્લા કિસાન મોરચા પ્રભારી અજીતસિંહ રાઉલજી,ઓલપાડ તાલુકા કરણીસેના નાં પ્રમુખ સુજીતસિંહ સોંલકી, ઓલપાડ તાલુકા પંચાયત નાં સદસ્ય વનરાજસિંહ બારડ સહિત નાં આગેવાનો ઉપસ્થિત રહી વોલીબોલ ટુર્નામેન્ટ ને સફળ બનાવી હતી.



# શ્રી સુરતી મોઢ વણિક હિત વર્ધક મંડળ દ્વારા ગણતંત્ર દિન ઉજવાયો

## પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દેશ ભક્તિ ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૮

શ્રી સુ મો વ હિત વર્ધક મંડળ અને રાંદેર અડાજણ મહિલા મંડળ ના સંયુક્ત ઉપક્રમે મોઢ વણીક ભવન પાલ વાડી ખાતે અલ્પા મ્યુઝિક લાઇવ ઓર્કેસ્ટ્રા સાથે ભવ્ય "સૂર સંગાથ" દેશભક્તિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત સુ મો વણિક સમાજના મોભી સ્વ. શ્રી ભરતભાઈ ગાંધીની ,,(બેટ સન્સ) ના આત્મની શાંતિ માટે મૌન પાળીને કરવામાં આવી હતી. આ મૌન દ્વારા સમગ્ર સમાજે તેમના પ્રત્યેની શ્રદ્ધાંજલિ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી

સુરતી મોઢ વણિક સમાજના ગૌરવવંત સુપુત્ર, ડોનેટ લાઈફના સ્થાપક શ્રી નિલેશભાઈ માંડલેવાલાને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ એનાયત થવા બદલ હર્ષ પૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા, જે સમગ્ર સમાજ માટે ગૌરવની ક્ષણ બની. દેશભક્તિ ગીતોની મીઠી સૂરાવલીઓ સાથે સમગ્ર પ્રાંગણ દેશપ્રેમના રંગે રંગાઈ ગયું હતું. વંદેમાતરમ્, દેશ કી ધરતી સહિતના દેશભક્તિ ગીતોએ શ્રોતાઓમાં ઉત્સાહ, ગૌરવ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાનો સંચાર કર્યો હતો. સમગ્ર માહોલ દેશભક્તિમય બની ગયો હતો અને સમાજની એકતા, અખંડિતતા તથા દેશભક્તિ માટે નવી પ્રેરણા મળી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી

અનુસંધાન પાના ૭ પર

# ડિસેમ્બર મહિના દરમિયાન ચાર રેડ કરીને બે તરૂણ શ્રમિકોને મુક્ત કરાયા

## બાળમજૂરી નાબુદી અભિયાન હેઠળ ટાસ્કફોર્સ કમિટીની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી

સુરત, તા.૨૮

બાળમજૂરી નાબુદી અભિયાન હેઠળ સુરત ચાઈલ્ડ લેબર જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી હતી.

કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજિત બેઠકમાં નાયબ શ્રમ આયુક્ત એચ.એસ.ગામીતે જણાવ્યું કે, ગત ડિસેમ્બર-૨૦૨૫ મહિના દરમિયાન વિવિધ વિસ્તારોમાં હાર્ડવેર અને પ્લાય શોપ, બેગ મેન્યુફેક્ચરિંગ શોપમાં અને સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરીમાં રાખનાર યુનિટોમાં ચાર રેડ કરી બે તરૂણ શ્રમિકોને મુક્ત કરાવ્યા હતા. જે તે સંસ્થા સામે એફ.આઈ.આર. સહિતની કામગીરીની વિગતો આપી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આ તરુણોનું રેસ્કયુ કરી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી દ્વારા પુનઃવસન કરવામાં આવ્યું છે. સમયાંતરે બાતમી તથા અન્ય સોર્સના આધારે રેડની કાર્યવાહી કરવામાં આવે છે. કલેક્ટરશ્રીએ મુક્ત કરવામાં આવેલા તરૂણ

અનુસંધાન પાના ૭ પર



# આંગણ વાડીના બાળકોને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ

સુરત, તા.૨૮

ફ્રેન્ડલી ચેરિટેબલ ટ્રસ્ટ, સહકાર સેવાકીય મંડળ અને મૌર્ય પરિવાર દ્વારા ડીંડોલી માં આવેલ મણિનગર સોસાયટી માં આવેલ આંગણવાડી નંબર ૧૯૯ માં સુરત શહેર મંત્રી વિનય મોર્યા પરિવાર મા રાધેશ્યામ મૌર્ય, ઉર્મિલાબેન મૌર્ય, વિપિન મૌર્ય ની આગેવાની માં બાળકો ને નોટબૂક, પેન્સિલ અને બીસ્કેટ આપી ૨૬ મી જાન્યુઆરી ૭૭ મા પ્રજાસ્તક દિવસ ની ઉજવણી કરવામાં આવી જેમાં વૉર્ડ નંબર ૨૭ ડીંડોલી દક્ષિણ કોંગ્રેસ ના પ્રમુખ શ્રી શૈલેષભાઈ ટંડેલ, સુરત શહેર મંત્રી દિપક મકવાને, ચિંતન પટેલ, ફુલચંદ મૌર્ય, હરેન્દ્ર યાદવ એ હાજરી આપી હતી.

# નાકોડા ભૈરવના દ્વાર પર ભવ્ય ભક્તિ સંધ્યામાં ભજનો ગુંજી ઉઠ્યા

## નાનાથી લઈને મોટા ભક્તો ઝૂમી ઉઠ્યા

સુરત, તા.૨૮

૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જલવંત ટાઉનશીપ બોમ્બે માર્કેટ રોડ સ્થિત નાકોડા ભૈરવ દાદાના નામે આયોજિત ભવ્ય ભક્તિ સંધ્યા શ્રદ્ધા, ભક્તિ અને આનંદનો અનોખો સંગમ બની ગયો.

"મેરા તન લે લેલો, આવનો પડેલા બાબા થોને આવનો પડેલા, કોઈ રોક લે તો રોક લે, મેં અપને બાબા કે દ્વાર ચલી" જેવા ભાવનાત્મક ભજનોના પડઘાથી સમગ્ર પરિસર ભૈરવથી ભરાઈ ગયું. ગીતોનો ગડગડાટ અને ભક્તોની ભીડએ આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો. મોડી રાત સુધી હાજર



સેંકડો ભક્તોએ ભજનોનો ભરપૂર આનંદ માણ્યો અને બાબાની ભક્તિમાં ડૂબેલા જોવા મળ્યા. આ ભક્તિ સાંજનું આયોજન જલવંત ટાઉનશીપ જૈન પરિવાર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યાં મોહન ખેડાના પ્રખ્યાત ગાયક દિવ્યેશ જૈને તેમના સુમધુર પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ભજન શરૂ થતાં જ મહિલાઓ, પુરુષો, યુવાનો અને યુવતીઓ ઉત્સાહી નૃત્યોમાં ડૂબી ગયા હતા. યુવાનોમાં ભક્તિનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. મોડી રાત્રિના કાર્યક્રમ દરમિયાન, યુવાનોએ ભૈરવ બાબાના સ્તોત્રો પર હૃદયપૂર્વક નૃત્ય કર્યું, વાતાવરણ ભક્તિથી ભરી

અનુસંધાન પાના ૭ પર



## એક નજર ઈધર ભી...

# ગિથોનઃ ગોરી તેરા ગાંવ બડા પ્યારા

નેધરલેન્ડ્સ એક એવો દેશ છે, જ્યાં મનુષ્યની ઈચ્છા અને પ્રયાસને કારણે વાયુ તેમ જ ઘોંઘાટના પ્રદૂષણનું સ્તર ઘણું નીચું જોવા મળે છે. ઘોંઘાટથી દૂર નીરવ શાંતિ અને એર પોલ્યુશનથી મુક્ત હવા પાણી માણવા હોય તો ગિથોનની સહેલ કરવા જેવી છે.

**બડા પ્યારા ગાંવ ગિથોનઃ**

ગામમાં પગપાળા અને બોટની સફર કરતી વખતે 'ચિતચોર' ફિલ્મનું ગીત 'ગોરી તેરા ગાંવ બડા પ્યારા, મૈંતો ગયા મારા, આકે યહાં રે, આકે યહાં રે' મનમાં-હૃદયમાં ગુંજવા લાગ્યું. દોઢેક કલાકનો કાર પ્રવાસ પછી અમે એવી જગ્યાએ પહોંચ્યા , જ્યાંથી મશીનનો સાથ છોડી શરીરના સથવારે પ્રકૃતિના ખોળામાં ખૂંદવાનું હતું. 'નો રોડ્સ' એટલે કે સડક વિનાના આ બ્રિજ અને કેનાલના આ ગામડામાં ઈંધણથી ચાલતાં વાહનોને એન્ટ્રી નથી. પહેલા પગપાળા અને પછી નાવડીમાં ફેરફટકા મારવાના.

નેધરલેન્ડ્સના ટોપ ટેન ફેવરિટ સ્થળમાં ગિથોન વટથી સ્થાન ધરાવે છે. એની ખ્યાતિ દેશાવરમાં એવી ફેલાયેલી છે કે એક પણ નાગરિકે આની મુલાકાત ન લીધી હોય એવા દેશનું નામ શોધતા પરસેવો પડી જાય. ચાલવાની મજા માણતા માણતા થોડા આગળ ચાલ્યા ત્યાં સમગ્ર વિસ્તારમાં ૈહીહૅક્ષ્ર્ઙ્ઘ તરીકે ઓળખાતા ખાસ સાઈકલ માટે તૈયાર કરવામાં આવેલા માર્ગ નજરે પડ્યા. આ સાઈકલ રૂટ ગિથોન સોંસરવો નીકળી ગામની નહેરોને દુકાનો, રેસ્ટોરાં સાથે જોડે છે. એક સહેલાણી તો ગણગણી પણ ઊઠી કે 'બનકે પંછી ગાયે પ્યાર કા તરાના' અને સાઈકલ સવાર નૂતનનું મીઠું સ્મરણ થયું અને મોં મલકાઈ ગયું.

**બ્રિજની બાદશાહીઃ**

દેશના પાટનગર એમ્સ્ટર્ડમથી અંદાજે ૧૦૦ કિલોમીટરના અંતરે આવેલા આ ગામડામાં હાથે ખોદીને બનાવેલી નહેરો અને નાના નાના ટાપુ જેવા વિસ્તારને એકબીજા સાથે જોડતા ૧૭૬ બ્રિજ જોવા મળે છે. આ બધા બ્રિજ લાકડાના બનેલા છે. બાંધકામમાં ઓક, લાર્ચ કે પાઈન વૃક્ષના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને પાણી નુકસાન નથી પહોંચાડી શકતા. ગામમાં લટાર મારતી વખતે નજરે પડતા ફાર્મહાઉસ (આપણી ભાષામાં ગામના ખોરડાં)ની સાદગી હેરત પમાડે છે. જોકે, ૧૮-૧૯મી સદીમાં એનું બાંધકામ થયું હોવાની જાણકારી મળતા અચરજ વિરમે છે પણ આ પ્રાચીન આવાસની અંદરની કેટલીક આધુનિક સુવિધા જોતા આંખો ફરી આશ્ચર્ય ફેલાઈ જાય છે.

**ઈતિહાસઃ**

નેધરલેન્ડ્સના આ મનોહર ગામમાં લટાર મારતી વખતે એના નામ સાથે જોડાયેલો ઈતિહાસ જાણવાની ઉત્કંઠા થઈ. મહારાષ્ટ્ર અને ખાસ કરી મુંબઈમાં ઊછર્યા હોય એ લોકો વસઈ-વિરાર ક્ષેત્રના 'ગાવઠણ'થી પરિચિત જરૂર હોય. 'ગિથોન' નામનો ઉચ્ચાર સાંભળ્યો ત્યારે એને ગાવઠણ સાથે તો કોઈ સંબંધ હશે કે કેમ એવો વિચાર મગજમાં ઝબકી ગયો. જોકે, સ્થાનિક વ્યક્તિએ કરેલી સ્પષ્ટતા અનુસાર ઈતિહાસના અભ્યાસુઓમાં નામના ઈતિહાસ બાબતે ભિન્ન મત છે. કેટલાક લોકોનું માનવું છે કે આ ગામની સ્થાપના સાધુ- સંતોએ કરી હતી તો જમીન ખોદનારા લોકો અહીં પહેલા આવ્યા અને ગામ વસાવ્યું એવો પણ અન્ય અભિપ્રાય છે. અલબત્ત, ચોપડે ચડેલી નોંધ અનુસાર બરાબર ૮૦૦ વર્ષ પહેલાં એટલે કે ઈ. સ. ૧૨૨૫માં ગિથોનનો પહેલી વાર ઉલ્લેખ થયો હતો. ગામનું મૂળ નામ થૈઓહરીંહ હતું, જેનો અર્થ ડચ ભાષામાં સંખ્યાબંધ બકરીનાં શિંગડાં એવો થાય છે. આ શિંગડા મૂળ સ્થાનિક રહેવાસીઓને મળી આવ્યાં હતાં. ૧૧૭૦માં વાવાઝોડાના તોફાનમાં આ બકરીઓ મોતને ભેટી હતી. કાળક્રમે થૈઓહરીંહ બદલાઈ યૈર્રહિ થઈ ગયું.

**મ્યુઝિયમઃ**

પ્રાકૃતિક સૌંદર્યનો વૈભવ ધરાવતા આ ગામમાં અનોખું મ્યુઝિયમ પણ છે. અલબત્ત, તમે વિવિધ દેશના મહાનગરોમાં જોયા હશે એથી સાવ વિપરીત આ મ્યુઝિયમનુ બંધારણ છે. The Old Earth નામનું મ્યુઝિયમ એના અર્થને સાર્થક કરે છે. ગિથોનના આ સૌથી પ્રાચીન મ્યુઝિયમ માં વિશ્વભરના કિમતી અને આભૂષણમાં વપરાતા રત્નોનો વિશિષ્ટ ખજાનો જોવા મળે છે.

પૃથ્વીના ઈતિહાસ દર્શન કરાવી વિવિધ જાણકારી ઉપલબ્ધ કરવામાં આવી છે. The Old Farm House/Home of the Farmer મ્યુઝિયમમાં તમને કેટલીક સદી જૂના સમયનો પરિચય કરાવે છે. આ ગામ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું તેમજ Whisper boats, Punters, Kayaks એમ લાક્ષણિકતા અનુસાર વિવિધ નામથી ઓળખાતી હોડીઓ-નાવડીઓનું બાંધકામ કેવી રીતે કરવામાં આવતું હતું એની રસપ્રદ જાણકારી પણ મળે છે. Art Pottery Giethoron Flroamics નામનું મ્યુઝિયમની ખાસિયત એમાં રહેલી કલાકૃતિઓ કરતા વિશેષ તો ૧૦૦ વર્ષથી વધુ પુરાણા છાપરાં ધરાવતા ફાર્મ હાઉસમાં એ તૈયાર કરવામાં આવ્યું એ છે.

ગિથોનની લોકપ્રિયતા દેશ-પરદેશના સીમાડા ઓળંગી સર્વત્ર ફેલાઈ હોવાથી દર વર્ષે આ ગામમાં ૧૦ લાખથી વધુ સહેલાણીઓના ધાડેધાડાં ઉતરી આવે છે. ટુરિઝમ કમાણી કરાવી આપે, સ્થાનિક પ્રદેશની સમૃદ્ધિ વધારે એ વાત સાચી, પણ આજે વિશ્વના કેટલાક ફેવરિટ સ્થાન 'ઓવર ટુરિઝમ' વધુ પડતા પ્રવાસીઓની સમસ્યાથી પરેશાન છે એ યાદીમાં હવે ગિથોનનું નામ પણ જોડાઈ ગયું છે. ૧૯૫૮માં રિલીઝ થયેલી ડચ કોમેડી ફિલ્મ Fanfareમાં ગિથોનના સૌંદર્યને દર્શાવવામાં આવ્યા બાદ ટુરિસ્ટો અહીં આવતા થયા. જોકે, આજની તારીખમાં સહેલાણીઓની વિશાળ સંખ્યાને કારણે સ્થાનિક જીવનનું સંતુલન ખોરવાઈ જતું હોવાની ફરિયાદ થઈ રહી છે.છ એક કલાક ગિથોનમાં ટહેલ્યા પછી હવે નીકળવાનું છે એમ કહેવામાં આવ્યું ત્યારે પિયર રોકવા આવેલી દીકરીને સાસરે પાછા ફરતી વખતે જે લાગણી થાય, એવી જ લાગણી બધા અનુભવતા હતા. ખૂબ ચાલવાનો કોઈ શારીરિક થાક નહીં, ચા - કોફીની તલબ નહીં કે નહોતો કોઈ પ્રકારનો કંટાળો. પ્રકૃતિની ગોદ ખૂંદવાના આનંદ સામે બીજું બધું ગૌણ લાગતું હતું. શહેર પાછા ફરવા કારમાં બેઠા ત્યારે હસરત જયપુરી લિખિત ગીતની પંક્તિ નજીવા ફેરફાર સાથે ગણગણવાનું મન થયું...









# કેટલોગમાં નાન્દનિકતાનો સ્પર્શ

**ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ-** ફેશનના ક્ષેત્રમાં તાજેતરમાં નવા ડ્રેસ ડિઝાઈનના એક વિશેષ કેટલોગ ફેશન શૂટનું આયોજન કરવામાં આવ્યું. આધુનિકતા અને પરંપરાના સુમેળથી તૈયાર થયેલ આ નવી કલેકશને ફેશનપ્રેમીઓ માટે એક અનોખો અનુભવ રજૂ કર્યો. સર્જનાત્મક વિચારધારા, રુચિશીલ ડિઝાઈન અને નિખૂટ રજૂઆત દ્વારા ફિબા ફેશનએ પોતાની નવી ડિઝાઈનોને એક અલગ જ પરિમાણમાં રજૂ કરી છે, જેના કારણે સમકાલીન ફેશન જગતમાં વિશેષ આકર્ષણ સર્જાયું છે.ફિબા ફેશનની કર્ણધાર મૌસુમી દાસના માર્ગદર્શન હેઠળ તેમની યુનિક ડ્રેસ કલેકશનનું એક કેટલોગ શૂટ આયોજિત થયું. ચિત્રગ્રાહક તરીકે પ્રખ્યાત રૂપાંજન ચેટર્જી હાજર રહ્યા હતા અને વિડિયોગ્રાફી રાહુલ ચૌધરીએ કરી હતી ,મોડેલોમાં પ્રીતિ મિશ્રા, સુસ્મિતા ઘોષ, શુભમ એષ, દેવ મન્ના, અભિષેક મહાતો, સાયન મલ્લિક, મોહિની ચક્રવર્તી, આદિત્ય શા, શ્રેયા શા, કેરોલિના મિત્ર, દિસિકા ચેટર્જી, અદિતિ દાસ, પૂજા બોસ, પૂજા માઈતિ, બન્ની સરકાર, તૃના સરકાર અને બોબી સિંહ હાજર રહ્યા હતા.

મેકઅપ આર્ટિસ્ટ્સમાં શુભશ્રી નંદી, ઐશ્વર્ય ઘોષ, મુન્ની કુંડુ, પૂજા હાઝરા, રીમા હાઝરા, રિયા કુંડુ અને પૃથા ઘોષ હાજર રહ્યા હતા।

સમગ્ર રીતે જોવામાં આવે તો ફિબા ફેશનનું આ કેટલોગ શૂટ માત્ર એક ફેશન ઈવેન્ટ નથી, પરંતુ સર્જનાત્મકતા, મહેનત અને ટીમવર્કનું એક ઉજ્જવળ ઉદાહરણ છે। નવી ડિઝાઈન, કુશળ કલાકારો અને વ્યાવસાયિક રજૂઆત દ્વારા આ પહેલે ફેશન જગતમાં પોતાની અલગ ઓળખ ઉભી કરી છે। મૌસુમી દાસના નેતૃત્વમાં ફિબા ફેશને ફરી એકવાર સાબિત કર્યું છે કે નવીનતા અને નાન્દનિકતાનો સમન્વય જ તેમની સફળતાની મુખ્ય ચાવી છે.


# ભારતમાં પ્રાદેશિક પરિવહન વિમાન ઇકોસિસ્ટમ સ્થાપવા અદાણી

## ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને એમ્બ્રેયર વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત

નવી દિલ્હી, ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬: ભારતના એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રની અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ની મુખ્ય અગ્રણી કંપની અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ અને એરોસ્પેસ ક્ષેત્રમાં વિશ્વની પ્રતિષ્ઠિત એમ્બ્રેયર ભારતમાં એક સંકલિત પ્રાદેશિક પરિવહન વિમાન ઈકોસિસ્ટમ વિકસાવવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કંપનીઓનો હેતુ વિમાન ઉત્પાદન, સપ્લાય ચેઈન, આફ્ટર માર્કેટ સેવાઓ અને પાઈલટ તાલીમમાં રહેલી તકો માટે સહયોગી બની કાર્ય કરવાનો છે.

તદુપરાંત આ સહયોગી ઔદ્યોગિક ભાગીદારીના માધ્યમથી આત્મનિર્ભર ભારતની પહેલ અને ઉડાન પ્રાદેશિક કનેક્ટિવિટીના વિઝન સાથે તાલમેલ સાધી ભારતના પ્રાદેશિક પરિવહન વિમાન કાર્યક્રમને આગળ વધારવા સ્વદેશીકરણમાં તબક્કાવાર વધારો કરીને એસેમ્બલી લાઇન નિર્માણ કરવાનો હેતુ પણ રહેશે.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ડિરેક્ટર શ્રી જીત અદાણીએ જણાવ્યું હતું કે આર્થિક વિસ્તરણનો આધાર એવા પ્રાદેશિક ઉડ્ડયન ક્ષેત્રમાં ઉડાન જેવી પહેલો ટાયર ૨ અને ટાયર ૩ શહેરોમાં હવાઈ જોડાણને પરિવર્તિત કરી રહી છે તે સમયે સ્વદેશી પ્રાદેશિક ઉડ્ડયન ઈકોસિસ્ટમની જરૂરિયાત ખૂબ જ મહત્વપૂર્ણ બની રહી છે. જીત અદાણીએ ઉમેર્યું હતું કે આ સહયોગ ભારત અને બ્રાઝિલ વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા સાથે પૂરક ક્ષમતાઓને એક છત્ર હેઠળ સાથે લાવશે.




આ ભાગીદારી એમ્બ્રેયરની ડીપ એન્જિનિયરિંગ અને એરક્રાફ્ટ ઉત્પાદનની કુશળતાનો ફાયદો લેવા સાથે અદાણીની એવિએશન વેલ્યુ-ચેઈન ફૂટપ્રિન્ટનો પણ લાભ ઉઠાવશે જેમાં એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એરોસ્પેસ ઉત્પાદન, MRO સેવાઓ અને પાઈલટ તાલીમનો સમાવેશ થાય છે.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના પ્રમુખ અને સી.ઈ.ઓ શ્રી આશિષ રાજવંશીએ જણાવ્યું હતું કે આત્મનિર્ભર ઉડ્ડયન તરફ પ્રયાણના એક સાહસિક પગલારુપે અમે ભારતના પ્રાદેશિક પરિવહન વિમાનની ઈકોસિસ્ટમને આકાર આપી રહ્યા છીએ, જે શહેરી-ગ્રામીણ વિભાજનને દૂર કરી ઉચ્ચ કૌશલ્ય રોજગારની તકો ઉત્પન્ન કરવા સાથે એરોસ્પેસના વૈશ્વિક ઉદ્યોગમાં ભારતનું સ્થાન ઊંચું કરે છે

સ્થાનિક માંગને ટેકો આપવા માટે પ્રસ્તાવિત ઈકોસિસ્ટમ તૈયાર છે તે સાથે એન્જિનિયરિંગ, ઉત્પાદન, લોજિસ્ટિક્સ અને સપોર્ટ સેવાઓના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી ઉત્પન્ન કરે છે.

એમ્બ્રેયર કોમર્શિયલ એવિએશનના પ્રેસિડેન્ટ અને સી.ઈ.ઓ શ્રી અર્જન મેઈજરે જણાવ્યું હતું કે એમ્બ્રેયર માટે ભારત એક મુખ્ય બજાર ઉપલબ્ધ છે ત્યારે આ ભાગીદારી અદાણીની મજબૂત ઔદ્યોગિક ક્ષમતાઓ અને સ્વદેશીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે અમારી એરોસ્પેસ કુશળતાને જોડે છે. તેમણે ઉમેર્યું કે અમે ભેગા મળીને ભારતની RTA મહત્વાકાંક્ષાઓ અને અમલીકરણ માટેની સંભાવનાને ટેકો આપવા માટે સૌથી વ્યવહારુ, અદ્યતન અને કાર્યક્ષમ ઉકેલોનું મૂલ્યાંકન કરીશું.

એમ્બ્રેયર ભારતમાં લગભગ ૫૦ એમ્બ્રેયર એરક્રાફ્ટ અને ૧૧ પ્રકારના એરક્રાફ્ટ સાથે હાલમાં વાણિજ્યિક, સંરક્ષણ અને વ્યવસાયિક ઉડ્ડયન ઉપરાંત ભારતીય વાયુસેના દ્વારા સંચાલિત એમ્બ્રેયર એરક્રાફ્ટમાં લેગસી ૬૦૦ એરક્રાફ્ટ અને એમ્બ્રેયર ERJ૧૪૫ પ્લેટફોર્મ પર આધારિત 'નેત્રા' AEW&C એરક્રાફ્ટ કાર્યરત છે. તે સ્ટાર એર ૧૩ E175 અને ERJ145 એરક્રાફ્ટનો કાફલો ચલાવે છે. આ બાબત તેની ભારતમાં વધી રહેલી હાજરીના લાંબા ઈતિહાસનો પૂરાવો છે.

ઉલ્લેખનીય છે કે અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ ભારતની સૌથી મોટી સંકલિત ખાનગી સંરક્ષણ અને એરોસ્પેસ કંપની છે, જે રાષ્ટ્રય સુરક્ષાની પ્રાથમિકતાઓ અને વૈશ્વિક જરૂરિયાતો સાથે સુસંગત વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ક્ષમતાઓનું નિર્માણ કરી સ્વદેશી એરોસ્પેસ અને યુએવી ઉત્પાદનને આગળ ધપાવે છે. દેશના સૌથી મોટા એમઆરઓ ઈકોસિસ્ટમ અને ઝડપથી વિકસી રહેલા પાઈલટ તાલીમ પ્લેટફોર્મ સાથે અદાણી ડિફેન્સ ભારતની ઉડ્ડયન મૂલ્ય શૃંખલાને એક છેડાથી બીજા છેડા સુધી મજબૂત બનાવી રહી છે. તેનો વૈવિધ્યસભર પોર્ટફોલિયો વિમાન, માનવરહિત પ્રણાલીઓ, એવિઓનિક્સ, શસ્ત્રો અને ટકાઉપણાને આવરી લે છે, જે લાંબા ગાળાની ક્ષમતા વિકાસ અને રાષ્ટ્રીય સ્વ-નિર્ભરતાના અનુસંધાનમાં જોડાયેલ છે

## કેન્સરના સંકેત : એકાએક વજન ઉતરે છે અને થાક પણ લાગે છે...

# કેન્સરથી બચવા સંકેત જાણવાની જરૂર

કેન્સર માટે ચેતવણી સંકેત બિલકુલ અસ્પષ્ટ હોય છે. કેટલીક વખત અન્ય બિમારીઓના સંકેત સાથે તેના સંકેત મળે છે. જેથી જો શરીરમાં કોઇ અસામાન્ય ગાંઠ દેખાય અથવા તો ડિસ્ચાર્જ દેખાય અથવા તો શરીરના કોઇ હિસ્સામાં એકાએક પિડા થાય તો તરત જ તબીબનો સંપર્ક કરવામાં આવે તે જરૂર છે. જાણકાર તબીબો કહે છે કે એકાએક વજન ઘટી જાય, થાક લાગે, કોઇ કારણ વગર પેટ ફુલી જાય, જરૂર કરતા વધારે બ્લિડીગ, પેટના નીચેના હિસ્સામાં દુખાવા, પીઠના નીચેના હિસ્સામાં દુખાવાના લક્ષણ આના હોઇ શકે છે. બ્રેસ્ટના કલરમાં ફેરફાર પણ આના લક્ષણ તરીકે છે.

હમેંશા પેટ ભરાયેલુ છે તેવો અનુભવ થાય તો પણ સંકેત સારા નથી. મહિલાઓ પોતાના વજનને લઇને અને કમર વધવાને લઇને ચિંતા રહે છે. જો કે જો કોઇ કારણસર એકાક વજન ઘટી જાય છે તો તબીબોને મળવાની જરૂર હોય છે. લાંબા સમય સુધી પેટમાં રહેતી પિડાને પણ ગંભીરતાથી લેવાની જરૂર હોય છે. જો કોઇ હાડકા સંબંધિત સમસ્યા નથી અને પીઠના નીચેના હિસ્સામાં દુખાવો રહે છે તો તેની અવગણવા કરવી જોઇએ નહીં. બ્રેસ્ટમાં ડિસ્ચાર્જ અને ગાંઠ પણ સારા સંકેત તરીકે નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શહેરી ભારતમાં મહિલાઓમાં સ્તન કેન્સરના કેસ સૌથી વધારે છે. મહિલાઓને અસર કરતા કેન્સરોમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધારે છે અને આ બનાવ અને કેસોની સંખ્યા ગ્રામીણ વસ્તીમાં સતત વધી રહી છે જે ચિંતા ઉપજાવે છે. આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે સ્તન કેન્સર તેમની લાઈફ સ્ટાઈલ દરમિયાન આઠ મહિલાઓ પૈકી એકને અસર કરે છે. આ એક એવો રોગ છે જે ૫૦ વર્ષથી વધુની વય બાદ મહિલાઓને અસર કરી જાય છે પરંતુ નાની વયની મહિલાઓમાં પણ તેની અસર થઈ શકે છે. સ્તન કેન્સરના ખૂબ જ સામાન્ય લક્ષણો છે જેથી દર્દી સાવધાન થઈ શકે છે. સ્તન કેન્સરના લક્ષણોને વહેલી તકે ઓળખી કાઢીને તેની સારવાર શક્ય બને છે.સ્તન કેન્સરને લઈને ઘણી બધી માન્યતાઓ પ્રવર્તે છે. સપ્તાહમાં ત્રણ વખત ૩૦ મિનિટ સુધી કસરત કરવાથી ફાયદો મળે છે. સાથે સાથે વજનને નિયંત્રિત રાખવાની બાબત



ઉપર ઉપયોગી સાબિત થઈ શકે છે. ફેટને નિયંત્રિત કરતી ચીજવસ્તુઓ ખાવવાની સલાહ પણ આપવામાં આવે છે. આ ઉપરાંત તમાકુ સાથે સંબંધિત કોઈ પણ વસ્તુ નહીં ખાવાની પણ સલાહ આપી છે. શરાબનું સેવન પણ નિયમિત માત્રામાં કરવાની સલાહ આપવામાં આવ્યું છે. શક્ય હોય ત્યાં સુધી તબાણ મુક્ત જીવન જીવવાથી ફાયદો થાય છે. ગ્રામીણ ભારતમાં મહિલાઓને અસર કરી રહેલા કેન્સર પૈકીના સૌથી ખતરારૂપ સ્તન કેન્સરના કેસ વધી રહ્યા છે. સ્તન કેન્સરના મેનેજમેન્ટના પાસાંઓમાં પ્રગતિ થઈ છે. હવે આધુનિક સમયમાં કેન્સરની સારવાર પણ શક્ય બની છે.

એમઆરઆઈ સ્કેન અને હાઈ રિઝર્વેશનવાળા ડીઝીટલ મેમોગ્રાફીની મદદથી સ્તન કેન્સરના વહેલી તકે લક્ષણ જોવા મળે છે. અમે જાણીએ છીએ કે સ્તન કેન્સરની સારવાર હવે વધુ ગંભીર રહી નથી. ટ્યુમરને વહેલી તકે ઓળખી કાઢીને સારવાર શરૂ કરવામાં આવે છે. હાઈ એન્ડ રેડિયેશન થેરાપી મશીનથી પણ હવે સારવાર આપવામાં આવે છે. ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઈપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.

## તંત્રી લેખ...

બુધવાર, તા. ૨૮ જાન્યુઆરી ૨૦૨૬

# યુજીસી વિવાદનો તત્કાલ ઉકેલ જરૂરી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને બનાવેલા અને ૧૫ ફેબ્રુઆરીથી અમલી બનનારા નિયમોનો વિરોધ રાષ્ટ્રવ્યાપી બન્યો છે. શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રકારના પ્રયોગ, તે અંગેના વિવાદ ચાલતા રહે છે, પરંતુ અહીં ચિંતાનો વિષય એ છે કે આ નવા નિયમો વર્ગવિગ્રહને ઉત્તેજન આપે તેવી સંભાવના ઉપસ્થિત થઈ છે. રાજકીય સમરાંગણમાં પોતાના સ્વાર્થ સાધવાની કોશિશો પણ આ અંગે શરૂ થઈ છે. જાતિગત અત્યાચારો, ભણતર અને નોકરીમાં અનામત સહિતના વિવાદ દાયકાઓથી સળગી રહ્યા છે તેમાં આ નવા નિયમ ઉમેરો કરે તે પહેલાં તેનાથી થતા વિવાદનો ઉકેલ આવી જવો જરૂરી છે.

પછાત વર્ગના વિદ્યાર્થીઓને અન્યાય ન થાય, તેમના અધિકારોનું જતન થાય તે માટે યુજીસીએ સૂચવેલા નવા નિયમો અમલમાં આવે તે પૂર્વે તેનો વિરોધ શરૂ થયો છે. યુજીસીનું વલણ એવું છે કે, ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન અનુસૂચિત જાતિ-જનજાતિના વિદ્યાર્થીઓ સાથે થતા અન્યાય કે ગુનાઓ-ફરિયાદોમાં ૧૦૦ ટકા વધારો થયો છે. આ જાતિગત ભેદભાવોને રોકવા જરૂરી છે. તે માટે 'પ્રમોશન ઑફ ઈક્વિટી ઈન હાયર ઍજ્યુકેશન ઈન્સ્ટિટયૂટ રેગ્યુલેશન ૨૦૨૬' નિયમો બનાવાયા છે. તે અંતર્ગત યુનિવર્સિટીઓ-કૉલેજોમાં ઈક્વાલિટી કમિટી, ઈક્વાલિટી સ્ક્વૉડની રચના કરવામાં આવશે. ૨૪ કલાકની હેલ્પલાઈન શરૂ રહેશે, જેમાં પછાત વર્ગના કોઈપણ વિદ્યાર્થી પોતાની સાથે થયેલા અન્યાય કે અત્યાચારની ફરિયાદ કરી શકશે.

આ નિયમોનું પાલન ન કરનાર સંસ્થાનની માન્યતા યુજીસી રદ કરશે. આ નિયમોનો વિરોધ શરૂ થયો છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્ને વિરોધમાં સામેલ છે અને કહી રહ્યા છે કે, આને કારણે એક વર્ગ ધારે તો ખોટી, પાયાવિહોણી ફરિયાદ ઊભી કરી શકશે. શિક્ષક કે કર્મચારી વિરુદ્ધ પણ ભેદભાવને ઉત્તેજન મળશે. આ નિયમોનો લાભ ફક્ત પછાત વર્ગના વિદ્યાર્થીઓને જ મળે તેવું શા માટે? તમામ વર્ગને તેમાં ફરિયાદની તક મળવી જોઈએ. વિરોધ કરનારા વિદ્યાર્થીઓ કહે છે કે, આનો અર્થ તો એ છે કે, ભેદભાવ માત્ર પછાત ન હોય તે વર્ગના લોકો કરે છે.

યુજીસીનો ઈરાદો ભલે પછાત વર્ગને અન્યાય ન થાય તે માટેનો હોય, પરંતુ અહીં પરસ્પર નારાજગી તો શરૂ થઈ જ ગઈ છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને સ્પષ્ટતા કરી છે કે, કોઈને અન્યાય થવા નહીં દઈએ. ખોટી ફરિયાદો ઉપસ્થિત થવા નહીં દઈએ, પરંતુ કેટલાક કાયદાનો દુરુપયોગ વર્ષોથી થતો હોય તે પણ સર્વવિદિત છે. આવા નિર્ણયો, અનામત પ્રથાને કારણે દેશમાં ભયાનક આંદોલનો પણ થયાં છે તે ભૂલવું ન જોઈએ. સત્વરે આ વિવાદનો અંત આવે તે સૌના હિતમાં છે.

**આ નિયમોનું પાલન ન કરનાર સંસ્થાનની માન્યતા યુજીસી રદ કરશે. આ નિયમોનો વિરોધ શરૂ થયો છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્ને વિરોધમાં સામેલ છે અને કહી રહ્યા છે કે, આને કારણે એક વર્ગ ધારે તો ખોટી, પાયાવિહોણી ફરિયાદ ઊભી કરી શકશે. શિક્ષક કે કર્મચારી વિરુદ્ધ પણ ભેદભાવને ઉત્તેજન મળશે.**

# ૨૭ દેશોમાં વિસ્તરી વેપાર ક્ષિતિજ

અમેરિકન ટેરિફથી મૂંઝાઈ ગયેલું ભારતનું અર્થતંત્ર મૂરઝાશે નહીં તેવી ખાતરી હવે મળી છે. ૨૭ જાન્યુઆરીએ યુરોપિયન સંઘના ૨૭ દેશ સાથે થયેલા મુક્તવ્યાપાર કરારથી ભારતના નિકાસકારો-ઉત્પાદકો માટે આશાનો સંચાર થયો છે. ભારત સરકારે યુરોપિયન યુનિયન સાથે કરેલા કરારને લીધે ભારત તથા યુરોપના ૨૭ દેશને વ્યાપાર ક્ષેત્રે ફાયદો થશે. આર્થિક ક્ષેત્રના નિષ્ણાતોનો દાવો છે કે, ટ્રમ્પના ટેરિફથી ભારતને થયેલું નુકસાન ભરપાઈ થઈ શકશે. જોકે, તે ભવિષ્યની વાત છે પરંતુ આજની સ્થિતિએ વ્યાપાર ઉદ્યોગને થતું મોટું નુકસાન તો અટકી ગયું છે તેવું કહી શકાય.

ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે લાંબા સમયથી અટકેલા વ્યાપાર કરાર ઉપર મહોર લાગી ગઈ છે. ભારત માટે યુરોપના ૨૭ દેશનું બજાર મોકળું થયું છે તેવો અંદાજ છે કે પ્રિ-ટ્રેડ એગ્રીમેન્ટથી ભારતની નિકાસમાં ૬.૪ લાખ કરોડ રૂપિયાની વૃદ્ધિ થશે. ભારતમાં થયેલાં ઉત્પાદન એટલે કે મેડ ઈન ઈન્ડિયા વસ્તુઓ માટે યુરોપના દેશોનાં બજારના દ્વાર કોઈ અવરોધ વગર હવે ખૂલશે. ૨૭ જાન્યુઆરીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા મુક્ત વ્યાપાર કરારને લીધે ૯૬.૬ ટકા યુરોપીય સામાનો પર લાગવાવાળા ટૅક્સ ઓછા થઈ જશે અથવા તો નાબૂદ થઈ જશે. અત્યારે ૫૦થી ૧૫૦ ટકા જેટલી ઈમ્પોર્ટ ડ્યૂટી લાગે છે તે ઘટીને ૨૦ ટકા સુધી થશે. ભારત સાથે વ્યાપાર કરી રહેલી યુરોપિયન કંપનીઓને ૪ અબજ યુરોની બચત થવાની જ્યારે ભારતના નિકાસકારોને યુરોપ જતા સામાન ઉપર ૯૯ ટકાથી વધારે ટૅક્સની છૂટ મળશે તેવી શક્યતા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત ઉપર ૫૦ ટકા ટેરિફનો અમલ કર્યો તેને લીધે ભારતના નિકાસકારોને ૬ અબજ ડૉલરનું નુકસાન વેઠવું પડયું છે. હવે ભારત અને યુરોપ વચ્ચેના 'ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ'ને કારણે જે વૃદ્ધિ થશે તે આ નુકસાનથી દસ ગણું વધારે હશે તેવું એમકે ગ્લોબલ નામની રિસર્ચ એજન્સીએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, કાપડ, તૈયાર કપડાં, ચર્મ ઉદ્યોગને આ કરારને લીધે ફાયદો થવાની સંભાવના છે. ભારતના અર્થતંત્રને ટેરિફની અસર ઓછી થાય તે માટે નવેમ્બર માસથી જ જીએસટીના માળખામાં કેન્દ્ર સરકારે પરિવર્તન કરીને વેપારીઓ અને પ્રજાને રાહત આપી હતી. અમેરિકાની ધમકીને વશ થયા વગર નિર્ણયો લીધા છે ત્યારે યુરોપિયન યુનિયન સાથેનો આ વ્યાપાર કરાર અર્થનીતિ અને વિદેશનીતિમાં નવો અધ્યાય સાબિત થશે તેવી આશા સેવાઈ રહી છે. અમેરિકાની ધમકીને વશ થયા વગર નિર્ણયો લીધા છે ત્યારે યુરોપિયન યુનિયન સાથેનો આ વ્યાપાર કરાર અર્થનીતિ અને વિદેશનીતિમાં નવો અધ્યાય સાબિત થશે તેવી આશા સેવાઈ રહી છે

### ભારતની વસતી લગભગ ૧૫૦ કરોડ છે અને યુરોપિયન યુનિયનની વસતી ૫૦ લાખની આસપાસ છે

# યુરોપિયન યુનિયન સાથે કરારથી ભારતને ફાયદો જ ફાયદો

### આ કરારથી બંનેને ફાયદો થશે એવું અત્યારે તો લાગી રહ્યું છે. ટ્રમ્પની લુખ્ખાગીરીના કારણે ભારતને નિકાસમાં ફટકો પડ્યો છે

ભારત અને યુરોપિયન યુનિયન(ઇયુ) વચ્ચે અંતે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (એફટીએ) એટલે કે મુક્ત વ્યાપાર કરાર પર સહીસિક્કા થઈ ગયા. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાની હાજરીમાં થયેલા આ કરારના કારણે ભારત અને યુરોપ વચ્ચેના સંબંધોમાં તો એક નવા પ્રકરણની શરૂઆત થશે જ પણ વૈશ્વિક સ્તરે પણ નવાં સમીકરણો રચાશે. યુરોપિયન યુનિયન (ઇયુ) વિશ્વનો સૌથી મોટો ટ્રેડ બ્લોક એટલે કે વ્યાપાર સમૂહ છે જ્યારે ભારત પાસે વિશ્વનું સૌથી મોટું બજાર છે. ભારતની વસતી લગભગ ૧૫૦ કરોડ છે અને યુરોપિયન યુનિયનની વસતી ૫૦ લાખની આસપાસ છે એ જોતાં બંને એક સાથે થાય તેનો મતલબ એ કે, બંને દેશોની કંપનીઓ માટે ૨૦૦ કરોડ લોકોનું તોતિંગ માર્કેટ ઉપલબ્ધ થશે તેથી દુનિયાનાં આર્થિક સમીકરણો જ બદલાઈ જશે. વિશ્વના વસતી અને જીડીપી બંનેના ૨૫-૨૫ ટકાને આવરી લેતા આ કરારના કારણે બંને દેશો જબરદસ્ત ફાયદામાં રહેશે. આ કરારના કારણે કેટલી રોજગારી ઊભી થશે ને કોને કરવેરાની કેટલી આવક થશે તેનો અંદાજિત ડેટા અપાયો છે પણ એ બધામાં નિવડ્યે વખાણ થાય એ જોતાં તેની વાત કરવાનો મતલબ નથી પણ બંનેને આર્થિક રીતે જબરદસ્ત ફાયદો છે તેમાં મીનમેખ નથી. ભારત અને યુરોપિયન યુનિયનના કરારથી અમેરિકાનાં વરસોના એકહથ્થુ વર્ચસ્વને પણ પડકાર મળશે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ લુખ્ખી દાદાગીરી કરીને ટૅરિફના હથિયારથી આખી દુનિયાની મેથી મારી રહ્યા છે ત્યારે વિશ્વમાં લોકશાહીને વરેલા સૌથી મોટા દેશ એવા ભારત અને લોકશાહી દેશોના સમૂહ એવા યુરોપિયન યુનિયને અમેરિકાની ઐસીતૈસી કરીને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, દુનિયા અમેરિકા પૂરતી મર્યાદિત નથી અને અમેરિકાના ઈશારે દુનિયા નાચતી એ દિવસો પૂરા થઈ ગયા છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત થાય તેના કારણે દુનિયાના બીજા દેશોને પણ પ્રેરણા મળશે અને અત્યારે અમેરિકા પર નિર્ભર દેશો અમેરિકા સિવાયના વિકલ્પો વિશે વિચારતા થઈ જશે. જો કે ભારત અને યુરોપિયન યુનિયન બંનેએ આ કરાર માટે અમેરિકા અને ખાસ તો ડોનલ્ડ ટ્રમ્પનો આભાર માનવો જોઈએ કેમ કે ટ્રમ્પે ભારત અને યુરોપિયન યુનિયન બંનેની મેથી મારવાનો કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ ના કર્યો હોત તો આ કરાર ના થયો હોત. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગે વાટાઘાટો છેક ૨૦૦૭માં શરૂ થઈ હતી અને છેલ્લાં ૧૯ વર્ષથી ઘમ્મરવલોણું ચાલતું હતું પણ માખણ નીકળતું જ નહોતું. ડો. મનમોહનસિંહની સરકારે યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડર એગ્રીમેન્ટ માટે દિલથી પ્રયત્નો કરીને ઉપરાછાપરી બેઠકો કરેલી . સળંગ છ વર્ષ સુધી વાટાઘાટો ચાલી પણ કશું ના નિપજ્યું એટલે ૨૦૧૩માં વાટાઘાટો સ્થગિત ગઈ હતી. તેનું મુખ્ય કારણ ભારતનાં ખેડૂતોનાં હિતો હતાં. યુરોપિયન યુનિયન ઇચ્છતું હતું કે ભારત તેના કૃષિ અને ડેરી ક્ષેત્રને યુરોપની કંપનીઓ માટે ખોલે પણ મનમોહનસિંહની સરકાર એ માટે તૈયાર નહોતી. ભારતના ખેડૂતોને તેના કારણે નુકસાન થાય તેથી મનમોહનસિંહની સરકારે વાત જ પડતી મૂકી દીધી. યુરોપિયન યુનિયન પોતાના વાઈન અને કાર પર ટેક્સ ઘટાડવાની વાત પર અડેલું ને ભારતે દારૂ અને કાર પરના કર ઘટાડવાની માગણીઓ સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો તેમાં પણ ડખો પડેલો. યુરોપિયન યુનિયને પોતાની ૯૫ ટકાથી વધુ નિકાસ પર ટૅરિફ નાબૂદ કરવાની માગ મૂકેલી પણ ભારતને આ માગણી મંજૂર નહોતી તેથી ટેબ્લો પડી ગયો. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી મોદી શરૂઆતનાં વરસોમાં ડોનલ્ડ ટ્રમ્પના ખોળામાં બેસી ગયેલા. ટ્રમ્પને ડીયર ફ્રેન્ડ ગણાવવાથી અમેરિકા ભારત પર રીઝી જશે એવી મોદીની ધારણા હતી પણ ટ્રમ્પે દોસ્તીની ઐસીતૈસી કરીને ભારતની બજાવવા માંડી પછી મોદી સાહેબને ભાન થયું કે, અમેરિકા સાથે મેળ નહીં પડે એટલે તેમણે બીજા વિકલ્પો વિશે વિચારવાનું શરૂ કર્યું તેમાં યુરોપિયન યુનિયન સાથે ૨૦૨૧માં વાટાઘાટો ફરી શરૂ થઈ. છેલ્લાં ૫ વર્ષથી વાટાઘાટો ચાલતી હતી ને અત્યાર સુધીમાં ૧૪ બેઠકો યોજાઈ હતી.આ બેઠકોમાં કશું નક્કર નિપજ્યું નહોતું કેમ કે યુરોપીયન યુનિયન પોતાની જૂની વાતોને વળગી રહેલું. ભારતનાં નસીબ પાધરાં કે, ૨૦૨૪માં પપુધધૂ ડોનલ્ડ ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં ફરી પધરામણી થઈ ને ટ્રમ્પે બીજી ઈનિંગમાં કોઈને ના છોડ્યા. દોસ્ત હોય કે દુશ્મન, ટ્રમ્પે ટૅરિફની ચાબૂકથી બધાંને બેહાલ કરી નાખ્યા. ભારતનો વારો તો બહુ પહેલાં જ આવી ગયેલો પણ છેલ્લે છેલ્લે યુરોપિયન યુનિયનનો પણ વારો પડી ગયો એટલે યુરોપિયન યુનિયનના નેતા બધી મમત મૂકીને ભારત દોડી આવ્યા ને મધર ઓફ ઓલ ડીલ કરી નાંખ્યું. આ કરારથી બંનેને ફાયદો થશે એવું અત્યારે તો લાગી રહ્યું છે. ટ્રમ્પની લુખ્ખાગીરીના કારણે ભારતને નિકાસમાં ફટકો પડ્યો છે એ યુરોપિયન યુનિયન સાથે વ્યાપાર વધશે તેથી સરભર થઈ જશે એવું લાગે છે. યુરોપિયન યુનિયન ભારતીય કપડાં, ફૂટવેર અને ચામડાનાં ઉત્પાદનો પરની ડ્યૂટી નાબૂદ કરી દેવાનું છે તેથી ભારત થોકબંધ પ્રમાણમાં માલ ઠાલવી રાખશે. એ જ રીતે દવાની મંજૂરી માટેના નિયમો સરળ બનતાં ભારતના ફાર્મા અને કેમિકલ ક્ષેત્રનો માગ વધશે. અત્યારે તો એવી અપેક્ષા રખાય છે કે, ફાર્મા અને કેમિકલનો બિઝનેસ જ દર વર્ષે ૩૦ ટકા વધી શકે છે. ભારતને યુરોપના કાર્બન ટેક્સમાંથી રાહત મળશે તેથી સ્ટીલ, એલ્યુમિનિયમ અને હાઇડ્રોજન જેવાં ક્ષેત્રોને ફાયદો થશે. ફ્રાન્સ અને જર્મની જેવા દેશો ભારતમાં ડિફેન્સ ફેક્ટરીઓ સ્થાપી શકશે તેથી ભારતમાં જંગી પ્રમાણમાં રોજગારી પેદા થશે અને સરકારને ટેક્સની આવક પણ વધશે. ભારતે હવે અમેરિકા સહિતના દેશો પર સંરક્ષણ માટે નિર્ભર નહીં રહેવું પડે એ પણ ફાયદો છે. યુરોપિયન યુનિયનના દેશોના ભારતમાં રોકાણથી ભારતમાં વિદેશી હૂંડિયામણ પણ વધશે ને ભારતની નિકાસ પણ વધશે તેથી ભારતનું અર્થતંત્ર મજબૂત થશે. ભારતીયો માટે યુરોપના દરવાજા ખૂલશે એ પણ મોટો ફાયદો છે. યુરોપિયન યુનિયનના દેશોને પણ આ કરારથી મોટો ફાયદો છે જ. આ કરારથી ભારતમાં યુરોપિયન વાઈન, કાર અને ઔદ્યોગિક ઉત્પાદનો સસ્તાં થઈ જશે કેમ કે ભારત આ ઉત્પાદનો પરના ભારે કર ઘટાડવા રાજી થયું છે. અત્યારે ભારતમાં મર્સીડિઝ, બીએમડબલ્યુ સહિતની લક્ઝુરિયસ કાર્સ પર ૧૧૦ ટકા ટેક્સ લાગે છે,. ભારત તેને તબક્કાવાર રીતે ઘટાડીને ૧૦ ટકા સુધી લાવી દેશે તેથી ભારતમાં લક્ઝુરિયસ કાર્સ અત્યારે મળે છે તેના અડધા ભાવે મળતી થઈ જશે.

### ઓગસ્ટ ૨૦૨૩ સુધી દેશના ૯૪.૭૨ ટકા ગામડાંની ખેતી જમીનનો રેકોર્ડ જિટિલ થઈ ચૂક્યો છે.

# જમીન રેકોર્ડમાં ટેકનિકનો ઉપયોગ

- **દેશનું જમીન વ્યવસ્થાપન ખરાબ નકશા, હસ્તલિખિત રેકોર્ડમાં ફેલાયેલ છે અને આ જ કાનૂની વિવાદો અને ભ્રષ્ટાચારનું મૂળ છે.**

મોદી સરકાર દરેક સ્તર પર અર્થવ્યવસ્થાને ડિજિટલ કરી રહી છે. આ દિશામાં એક મોટું કાર્ય દેશના જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ ચાલી રહ્યું છે. તે પૂરું થતાં જમીન વિવાદ, કેસબાજી, જમીન સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના મોટાભાગના કેસો ખતમ થઈ જશે. ઉત્તર પ્રદેશની દેવરિયાની ઘટનાને તાત્કાલિક રૂપે ભલે જમીન વિવાદ, પરસ્પર વિખવાદ અને પ્રશાસનિક લાપરવાહી માનવામાં આવે, પરંતુ મૂળ રૂપે તેના માટે દેશનું ખરાબ જમીન વ્યવસ્થાપન જ જવાબદાર કહી શકાય. એ જ કારણ છે કે દેવરિયા જેવી ઘટનાઓ દેશમાં છાશવારે બનતી રહે છે. દેશનું જમીન વ્યવસ્થાપન ખરાબ નકશા, હસ્તલિખિત રેકોર્ડમાં ફેલાયેલ છે અને આ જ કાનૂની વિવાદો અને ભ્રષ્ટાચારનું મૂળ છે. ઉપગ્રહ અને કૃત્રિમ મેધાના આ યુગમાં પણ ભારતનું ભૂ-સંસાધન એ કાનૂનોથી ચાલે છે, જે અંગ્રેજો આપણને આપી ગયા હતા. ઉલ્લેખનીય છે કે અંગ્રેજોએ મહેસૂલ વિભાગ અને જમીન નોંધણીની બેવડી વ્યવસ્થા લાગુ કરી હતી, કારણ કે તેમનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્ર કરવાનો હતો. કેટલીય ખામીઓ ભરેલી આ વ્યવસ્થા આજે પણ ચાલુ છે. આ જ કારણ છે કે ભારત જમીનના કેસોનો મહાસાગર બની ગયું છે. ન્યાયાલયોમાં સિવિલના જેટલા પણ કેસો છે, તેમાં ૬૬ ટકા જમીન કે સંપત્તિ વિવાદના છે.

નીતિ પંચના એક રિપોર્ટ અનુસાર જમીન વિવાદને હલ કરવામાં સરેરાશ ૨૦ વર્ષ લાગે છે. તેનાથી અદાલતો પર તો બોજ વધે જ છે, કેસોમાં બહુમૂલ્ય જમીન પણ ફસાઈ જાય છે, જેનાથી ઉદ્યોગો અને પરિયોજનાઓ માટે જમીનની ઉપલબ્ધતા પ્રભાવિત થાય છે.જમીન રેકોર્ડના આધુનિકીકરણ માટે ૨૦૦૮માં રાષ્ટ્રીય ભૂમિ અભિલેખ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ રાજકીય ઇચ્છાશક્તિની ઉણપ, સરકારોની અરુચિ, પ્રશાસનિક શિથિલતા વગેરેને કારણે યોજના કાગળિયા પરથી આગળ ન વધી શકી. જમીનને લઈને વધતા વિવાદ, ભ્રષ્ટાચાર અને કેસબાજીની સમસ્યાથી સ્થાયી સમાધાન માટે મોદી સરકારે ૨૦૧૬માં ડિજિટલ ઇન્ડિયા ભૂમિ રેકોર્ડ આધુનિકીકરણ કાર્યક્રમ શરૂ કર્યો. આ પ્રોગ્રામના ત્રણ ઘટક છે - જમીન રેકોર્ડ્સનું કમ્પ્યૂટરીકરણ, રજિસ્ટ્રીનું કમ્પ્યૂટરીકરણ અને જમીન રેકોર્ડ્સ સાથે તેનું એકીકરણ. તે અંતર્ગત જમીનના પ્રત્યેક ટુકડા કે ભૂખંડને ૧૪ અંકોની વિશિષ્ટ ઓળખ સંખ્યા અપાઈ રહી છે. વિશિષ્ટ ભૂખંડ ઓળખ સંખ્યા એક પ્રકારે ભૂખંડના આધાર નંબર જેવી છે. એક વર્ષમાં નવ કરોડ ભૂખંડોને ભૂ-આધાર નંબર આપવામાં આવ્યો. આ નંબરને બેંકો અને ન્યાયાલયો સાથે પણ જોડવામાં આવે છે.ભૂ-આધારનો સૌથી મોટો લાભ એ છે કે જ્યારે પણ કોઈ જમીનનું ખરીદ-વેચાણ થશે, ત્યારે ખરીદનાર અને વેચનારની સંપૂર્ણ વિગતો સામે હશે. તેનાથી એ જમીન સંબંધિત કોઈ વિવાદ કે દેણદારી હશે તો તેની ખબર પડી જશે. આના પહેલાં દસ્તાવેજોની નોંધણી મેન્યુઅલ થતી હતી, પરંતુ હવે તે ઇ-રજિસ્ટ્રેશન રૂપે થવા લાગ્યું છે. જો આ જમીનના આગળ જઈને ભાગલા પણ થાય તો એ જમીનના આધાર નંબર અલગ-અલગ થઈ જશે. જમીનનો ડિજિટલ રેકોર્ડ હોવાને કારણે સૌથી પહેલાં જમીનની વાસ્તવિક સ્થિતિ ખબર પડી જશે, કારણ કે જમીનની માપણી ડ્રોન કેમેરાથી થશે, જેનાથી ભૂલની આશંકા નહિવત રહેશે. જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ જમીન માલિકીનો મુખ્ય દસ્તાવેજ હશે, જેની સાથે છેડછાડ નહીં કરી શકાય. જમીન રેકોર્ડની વિશ્વસનીયતા વધવાથી લોકો વધુ ભરોસા સાથે ખરીદ-વેચાણની પ્રક્રિયામાં ભાગ લઈ શકે. ઓગસ્ટ ૨૦૨૩ સુધી દેશના ૯૪.૭૨ ટકા ગામડાંની ખેતી જમીનનો રેકોર્ડ જિટિલ થઈ ચૂક્યો છે. આ જ રીતે મહેસૂલ જમીનના ૭૬.૯૮ ટકા નક્શા પણ ડિજિટલ થઈ ગયા છે. મોદી સરકારે માર્ચ ૨૦૨૪ સુધીમાં દેશના તમામ ગામોની જમીનનો રેકોર્ડ ડિજિટલ કરવાનું લ-ય મૂક્યું છે. જમીન રેકોર્ડ સુધી પહોંચમાં એક મોટી અડચણ ભાષાની રહી છે, કારણ કે તમામ રેકોર્ડ કાં તો હિંદીમાં હોય છે કે અંગ્રેજીમાં. આ સમસ્યા દૂર કરવા માટે સરકારે જમીન રેકોર્ડને ૨૨ ભારતીય ભાષાઓમાં રેકોર્ડ કરવાની યોજના બનાવી છે.

તેનાથી જમીનના વિવરણ ઉપરાંત તેના માલિકી હક્કની પણ તપાસ કરી શકાશે. તેનાથી જમીનના રેકોર્ડમાં હેરફેર કરીને વિવાદની આશંકા ખતમ થઈ જશે. જ્યારે આ વ્યવસ્થા આખા દેશમાં લાગુ થઈ જશે, ત્યારે મોટાભાગના જમીન વિવાદ ખુદ ઉકલી જશે.દેશભરમાં અત્યાર સુધી ૫૩૦૦ જમીન રેકોર્ડ કાર્યાલયોનું કમ્પ્યૂટરીકરણ થઈ ચૂક્યું છે. જલ્દી સરકાર ડિજિટલ જમીન રેકોર્ડને અદાલતો સાથે જોડી દેશે. ઇ-કોર્ટને જમીન રેકોર્ડ અને રજિસ્ટ્રેશન ડેટાબેઝ સાથે જોડવાના કેટલાય લાભ હશે. એનાથી જમીનની માલિકી અને ઉપયોગ સંબંધિત વિવાદોને ઉકેલવામાં મદદ મળશે. જમીન વિવાદ ઓછા થશે. અદાલતોમાં જમીન વિવાદના કેસોનો જલ્દી નિકાલ થશે. એટલું જ નહીં, અટકેલી પરિયોજનાઓને કારણે દેશની અર્થવ્યવસ્થાને થનારા નુક્સાનમાં પણ ઘટાડો થશે. જમીન રેકોર્ડનું ડિજિટલીકરણ અને વિભિન્ન સરકારી વિભાગો સાથે તેના જોડાણથી કલ્યાણકારી યોજનાઓના યોગ્ય અલમમાં પણ સહાયતા મળે છે. પૂર અને આગ જેવી આપદાઓને કારણે દસ્તાવેજોના નુક્સાનની સ્થિતિમાં પણ તે બહુ સહાયક રહેશે. કુલ મળીને જમીન વિવાદ હોય કે દરેક સ્તર પર વચેટિયાઓની હાજરી, આ સમસ્યાઓનું સમાધાન ત્યારે જ થશે જ્યારે દેશની અર્થવ્યવસ્થા ડિજિટલ હોય. આપણી અર્થવ્યવથા ડિજિટલ હોવાનું પરિણામ છે કે આજે વિશ્વના કુલ ડિજિટલ લેવડદેવડના ૪૬ ટકા ભારતમાં થાય છે.

### સહિયારી સમૃદ્ધિની બ્લૂપ્રિન્ટ ગણાવીને સાબિત કર્યું છે કે, ધીરજનાં ફળ મીઠાં હોય છે.

# 'મધર ઓફ ઓલ ડીલ્સ' સાથે આર્થિક ક્રાંતિનો શંખનાદ

- વર્તમાન ભૌગોલિક-રાજકીય સ્થિતિ જોતાં, આ સમજૂતી ભારત માટે અંધારામાં આશાનું કિરણ બનીને આવી છે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ૧૮ વર્ષથી ચાલતી વ્યાપારિક મડાગાંઠનો આખરે સુખદ અંત આવ્યો છે. નવી દિલ્હીમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપના ટોચના નેતાઓએ ઐતિહાસિક હસ્તાક્ષર કર્યા, ત્યારે દુનિયા સમજી ગઈ કે, હવે પવન જોઈને સઢ ફેરવવાનો સમય આવી ગયો છે. ૨૦ ટ્રિલિયન ડોલરનાં વિશાળ બજારનાં દ્વાર ખોલતી આ સમજૂતી ખરા અર્થમાં મધર ઓફ ઓલ ડીલ્સ છે, જે વિશ્વના ૨૫ ટકા જીડીપી અને એક તૃતીયાંશ વ્યાપાર પર પ્રભુત્વ ધરાવે છે. વડાપ્રધાને તેને



સહિયારી સમૃદ્ધિની બ્લૂપ્રિન્ટ ગણાવીને સાબિત કર્યું છે કે, ધીરજનાં ફળ મીઠાં હોય છે. વર્તમાન ભૌગોલિક-રાજકીય સ્થિતિ જોતાં, આ સમજૂતી ભારત માટે અંધારામાં આશાનું કિરણ બનીને આવી છે. એક તરફ અમેરિકાએ ભારતીય નિકાસ પર ૫૦ ટકા જેટલો તાતિંગ ટેરિફ લાદ્યો છે અને બીજી તરફ યુરોપના દેશો સાથે પણ તણખા વેર્યા છે, ત્યારે આ કરાર ભારત અને યુરોપિયન યુનિયન બંને માટે ડૂબતાને તણખલાંના સહારા જેવી મૈત્રી છે, જ્યારે વ્હાઇટ હાઉસમાંથી ટ્રેડવોરનાં નગારાં વાગતાં હોય અને નવા-નવા ફતવા બહાર પડતા હોય, ત્યારે જૂના મતભેદો બાજુ પર મૂકીને ભેગા મળીને વહેંચી ખાવું એ જ શાણપણ ગણાય. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ભલે આક્ષેપ કર્યો હોય કે, યુરોપ રિફાઈન્ડ ઓઈલ ખરીદીને રશિયા-યુક્રેન યુદ્ધને આડકતરું ફાંડિંગ પૂરું પાડે છે, પરંતુ ભારત અને યુરોપે સ્પષ્ટ કર્યું છે કે, વ્યાપારિક હિતો આગળ આવી કોઈ પણ દલીલ પાણીમાં બેસશે. આ સમજૂતીમાં ભારતે અત્યંત ચતુરાઈથી સાપ પણ મરે અને લાઠી પણ ન તૂટે તેવી વ્યૂહરચના અપનાવી છે. લક્ઝરી કાર પરની ડ્યૂટી ૧૧૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવા છતાં, ૨૫ લાખથી ઓછી કિંમતની કારના સ્થાનિક બજારને સુરક્ષિત રાખ્યું છે, એટલે કે, બીએમડબલ્યુ અને મર્સિડીઝ જેવું જર્મન એન્જિનીયારિંગ હવે ભારતીય રસ્તાઓ પર સોનાંમાં સુગંધ ભળવા જેવું સસ્તું થશે, જ્યારે સ્થાનિક ઉદ્યોગોને આંચ પણ નહીં આવે. બીજી તરફ, યુરોપના ૧૨૫ અબજ ડોલરનાં કાપડ બજારમાં ભારતને ડ્યૂટી ફ્રી એન્ટ્રી મળી છે. ૨૦૨૩માં જીએસપી બેનિફિટ્સ છીનવાઈ જવાથી આપણા નિકાસકારોની જે કેડ ભાંગી હતી, તેને હવે નવું બળ મળશે. ભારતીય ટેક્સટાઈલ, ફાર્મા અને આઇ.ટી. ક્ષેત્ર માટે યુરોપનું આખું મેદાન હવે મોકળું બનશે. માત્ર વ્યાપાર જ નહીં, પણ રક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે સહ-ઉત્પાદન માટે જે ભાગીદારી થઈ છે, તે પાડોશીઓ માટે પેટમાં તેલ રેડાય જેવી ઘટના છે. યુરોપે ભારતને ગ્રીન એનર્જી માટે ૫૦ કરોડ યુરોની સહાયનું વચન આપીને સંબંધો વધુ મીઠા બનાવ્યા છે. સર્વિસ સેક્ટરમાં પણ ભારતીય પ્રોફેશનલ્સ માટે ૧૪૪ સબ-સેક્ટર્સ ખોલીને અને વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-સ્ટડી વર્ક વિઝાની જોગવાઈ કરીને આપણા યુવાનો માટે નવી તકો સર્જી છે. જો કે, યુરોપના કાર્બન ટેક્સ અને ડેટાના કડક નિયમો આપણા નાના ઉદ્યોગો માટે લોઢાના ચણા સાબિત થઈ શકે છે, જેની તૈયારી આપણે જાગ્યા ત્યારથી સવાર માનીને કરવી પડશે. અમેરિકાની અનિશ્ચિતતા અને ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે ભારત-ઈયુ વચ્ચે મુક્ત વેપાર કરાર એ આર્થિક જગતમાં ભારતનો ઘોડો દસે દિશામાં દોડશે તેનો મજબૂત સંકેત છે. ૨૦૨૭થી જ્યારે આનો પૂર્ણ અમલ થશે, ત્યારે ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ૨૦૪૭ના વિકસિત ભારતના લક્ષ્ય તરફ હરણફાળ ભરી ચૂક્યું હશે. આ સમજૂતીએ સાબિત કરી દીધું છે કે, વૈશ્વિક બજારમાં હવે ભારતની ઉપેક્ષા કરવી મુશ્કેલ જ નહીં, અસંભવ છે અને આ ભાગીદારીમાં બંને પક્ષની પાંચેય આંગળી ઘીમાં રહેશે.



# તમન્નાએ ફિલ્મોની ચમકદમકથી પર જઇને આન્ત્રપ્રિન્યોર તરીકે સફળ થવાની ઈચ્છા વ્યક્ત કરી

એક્ટ્રેસ તમન્ના ભાટિયા પોતાના જીવનમાં એક નવું ચેપ્ટર શરૂ કરવા જઈ રહી છે, કેટરીના, શ્રદ્ધા જેવી એક્ટ્રેસની જેમ તમન્ના પણ હવે આન્ત્રપ્રિન્યોર બની છે. મુંબઈમાં તમન્નાએ પોતાનો નવો સ્ટોર 'તમન્ના ફાઈન જ્વેલરી' લોન્ચ કર્યો છે, તેની વ્યક્તિગત ડિઝાઈન ફિલોસોફીને ફાઈન જ્વેલરીનું સ્વરૂપ આપતી આ બ્રાન્ડ શહેરી ભારતીય સંવેદનાથી જોડાયેલી છે અને કેમેરા સામેનાં તેનાં વર્ષોના અનુભવથી ઘડાયેલી છે.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તમન્નાએ આધુનિક ડિઝાઈનને નવી પરિભાષા આપવા અંગે જણાવ્યું, બ્રાન્ડના દરેક તબક્કામાં તેની સક્રિય ભાગીદારી રહી છે અને વર્ષો વિતવા સાથે લક્ઝરીની તેની વ્યાખ્યા કેવી રીતે બદલાઈ છે.

ફાઈન જ્વેલરી ક્ષેત્રે કેરિઅરનો વિકલ્પ ખડો કરવા પાછળની પ્રેરણા અંગે તમન્નાએ જણાવ્યું, "હું સિંધિ છું, એટલે હું મૂળભૂત રીતે બિઝનેસ ફેમિલીમાંથી આવું છું. મારા પિતા હંમેશાંથી બિઝનેસમાં રહ્યા છે અને છેલ્લા ૧૫ વર્ષથી જ્વેલરીના વ્યવસાયમાં પણ છે. એટલે આ દુનિયા મારા માટે હંમેશાં એક વિકલ્પ હતી જ. પરંતુ અત્યાર સુધી મને લાગતું નહોતું કે મારી પાસે એવું કંઈ છે, જેનાથીં હં કોઈ ખરો બદલાવ લાવી શકું.પણ જ્યારે હું રોજ શૂટ, ઈવેન્ટ કે સામાન્ય રીતે બહાર જવા માટે તૈયાર થતી, ત્યારે મને હંમેશાં મને તૈયાર થવું ગમતું હતું. કપડાં તો સમય સાથે બદલાતાં રહે છે, પરંતુ મારે કંઈક એવું બનાવવું હતું, જે સમયાતીત હોય, તેથી મેં જ્વેલરી પસંદ કરી. મેં એવી ફાઈન જ્વેલરી બનાવવાનો નિર્ણય કર્યો, જે માત્ર ખાસ પ્રસંગો માટે નહીં, પણ રોજિંદા જીવનમાં પણ એ જ સ્ટાઈલ અને ગ્લેમર સાથે પહેરી શકાય."

પોતાની વ્યક્તિગત ફેશન ફિલોસોફી અંગે તમન્નાએ કહ્યું, "મારી સ્ટાઈલ હંમેશાં 'કેઝ્યુઅલ ગ્લેમર'નાં કોમ્બિનેશન પર આધારિત રહી છે. ગ્લેમરસ હોવું એટલું જ મહત્વનું છે જેટલું સરળ અને સહજ હોવું. હું બંનેમાંથી કંઈ જ છોડવા માગતી નથી. આ જ વિચાર મારી જ્વેલરી ડિઝાઈનમાં પણ દેખાય છે—ફ્લુઈડ ફોર્મ્સ સાથે મજબૂત સ્ટ્રક્ચર્સ જેમ કે હૂપ્સ અને ટી-બાર નેકલેસ."

તમન્નાની લક્ઝરીની વ્યાખ્યા અંગે તે કહે છે, "જે તમને તમારી જાતને સમજીને વ્યકત કરવામાં મદદ કરે અને તમને તેમાં આરામદાયક અનુભવ કરાવે તે મારા માટે લક્ઝરી છે. લક્ઝરી માત્ર ભૌતિક નથી, તે એક લાગણી છે, જેમાં તમે તમારી જાતને સૌથી સુંદર અનુભવો."



# હવે અરિજિત સિંહે પ્લેબેક સિંગિંગમાંથી સન્યાસ જાહેર કર્યો

## સોશિયલ મીડિયા પર જાહેરાત કરતા જ પોસ્ટ વાયરલ – ફેન્સ દુ:ખી

ભારતના લોકપ્રિય અને વિશ્વ વિખ્યાત ગાયક અરિજિત સિંહે અચાનક નિવૃત્તિની જાહેરાત કરતા તેના ફેન્સને મોટો આંચકો લાગ્યો છે. અરિજિત સિંહે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મુકીને જાહેરાત કરી છે કે તે હવે પ્લેબેક સિંગિંગમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. તેણે પોતાની સફર બદલ સંતોષ વ્યક્ત કરીને પોતાના પ્રશંસકોનો આભાર માન્યો છે. અરિજિતે કહ્યું કે હવેથી તે ગાયક તરીકે કોઈ નવું કામ સ્વીકારશે નહીં.

અરિજિતે પોતાના નિવેદનમાં ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું, "હલો, દરેકને નવા વર્ષની શુભેચ્છાઓ. મને શ્રોતાઓ તરીકે આટલાં વર્ષો સુધી અપાર પ્રેમ આપવા બદલ હું આપનો આભારી છું. મને એ જાહેર કરતા આનંદ થાય છે કે હવેથી હું એક પ્લેબેક સિંગર (ગાયક) તરીકે કોઈ નવું કામ સ્વીકારીશ નહીં. હું આ સફર અહીં છોડી રહ્યો છું. આ એક અદ્દભુત સફર હતી. ખરેખર ઈશ્વરની મારા પર કૃપા રહી છે. હું હંમેશા સારા સંગીતનો પ્રશંસક રહ્યો છું અને ભવિષ્યમાં વધુ શીખતો રહીશ અને એક નાના કલાકાર તરીકે મારું પોતાનું કામ કરતો રહીશ. આપના સમગ્ર સહકાર બદલ આભારી છું. મારે હજુ કેટલાક અધુરાં કામ પુરાં કરવાના છે, એ હું પુરાં કરીશ. તેથી આપને હજુ આ વર્ષે મારાં કેટલાંક ગીતો સાંભળવા મળી શકે છે. એક વાત સ્પષ્ટ કરી દઉં કે હું સંગીત બનાવવાનું બંધ કરીશ નહીં."આમ અરિજિતના નિવેદન પરથી એવી ચર્ચા છે કે હવે તે પોતાના ગીતો પોતે બનાવશે, પરંતુ અન્ય કમ્પોઝર્સના ગીતો ગાશે નહીં. તાજેતરમાં જ તેનું સલમાન ખાનની બેટલ ઓફ ગલવાન ફિલ્મનું માતૃભૂમિ ગીત લોંચ થયું છે અને આ ગીતનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે, સાથે જ આ વખતે તે બોર્ડર ૨ના ખુબ લોકપ્રિય બનેલા ગીત ઘર કબ આઓગેમાં પણ જોડાયો હતો અને સોનુ નિગમ, રૂપકુમાર રાઠોડ અને વિશાલ મિશ્રા સાથે આ ગીતમાં અરિજિતનો અવાજ પણ સાંભળવા મળ્યો હતો.

૨૫ એપ્રિલ, ૧૯૮૭માં પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં જન્મેલા અરિજિતને પરિવારમાંથી સંગીત વારસામાં મળ્યું હતું અને તેણે બાળપણથી જ ગાયનની શરૂઆત કરી હતી. ત્યાર બાદ ૨૦૦૫માં તે ફેમ ગુરુકુલ રિયાલિટી શોથી જાણીતો થયો હતો. ત્યાર પછી તેણે પ્રીતમ અને શંકર અહેસાન લોય જેવા કલાકારો સાથે મ્યુઝિક પ્રોગ્રામર અને મ્યુઝિક પ્રોડ્યુસર તરીકે પણ કામ કર્યું હતું. ૨૦૧૧માં તેણે મર્ડર ૨માં ફિર મહોબ્બત ગીતથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. જેનાથી તેને પહેલો ફિલ્મ ફેર એવોર્ડ પણ મળ્યો હતો. તેને ૨૦૨૫માં કલા ક્ષેત્રે પ્રદામન બદલ પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો અને ૨૦૧૮માં પદ્માવતનાં બિનતે દિલ અને ૨૦૨૨માં બ્રહ્માસ્ત્રના ગીત કેસરિયા તેરા ઈશ્ક માટે નેશનલ એવોર્ડ પણ મળ્યા છે. તેને ૫ ફિલ્મ ફેર એવોર્ડ પણ મળ્યા છે. તેના જેટલા એવોર્ડ જીતનાર એકમાત્ર ગાયક કિશોર કુમાર હતા. ઓડિયો પ્લેટફર્મ સ્પોટીફાય પર પણ અરિજિત સિંહ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૫ સુધી સતત સૌથી વધુ સ્ટ્રીમ થયેલો કલાકાર રહ્યો છે, જેમાં તેના ૧૬૯ મિલિયન ફોલોવર્સ છે.

# 'ધુરંધર'એ ભારતમાં ૧૦૦૦ કરોડ કલબમાં સામેલ થઈને ઇતિહાસ રચ્યો

## એક જ ભાષામાં આ સિદ્ધિ મેળવનારી ધુરંધર પ્રથમ ફિલ્મ બની




'ધુરંધર'એ ભારતમાં ૧૦૦૦ કરોડની કમાણીનો આંકડો પાર કર્યો છે. આ સાથે જ ફિલ્મે સિનેમાના ઈતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન મેળવી

લીધું છે, જ્યાં અત્યાર સુધી માત્ર 'બાહુબલી ૨: ધ કન્ક્લૂઝન', 'દ્રય્ત્ઞ: ચેપ્ટર ૨' અને 'પુષ્પા ૨: ધ રૂલ' જેવી ફિલ્મો જ પહોંચી શકી હતી. આ સિદ્ધિ 'ધુરંધર'ને દેશની સૌથી સફળ ફિલ્મોમાંથી એક ફિલ્મ તરીકે સ્થાપિત કરે છે.


ધુરંધર માટે આ બાબત ખાસ છે, તેનું પણ એક ખાસ કારણ છે. કારણકે 'ધુરંધર' એક જ ભાષામાં રિલીઝ થઈને ૧૦૦૦ કરોડની કમાણી કરનારી ભારતની પ્રથમ ફિલ્મ બની છે. અગાઉ આ આંકડો પાર કરનાર ફિલ્મોએ અનેક ભાષાઓમાં ડબ થઈને હિન્દી ઉપરાંત ચારથી પાંચ ભાષાઓમાં રિલીઝ થઈ હતી. જ્યારે 'ધુરંધર'એ પોતાની મૂળ ભાષામાં જ પ્રેક્ષકો સાથે ઘનિષ્ઠ જોડાણ અને રીપીટ વેલ્યુ દ્વારા આ માઈલસ્ટોન હાંસલ કર્યો છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે મજબૂત વાર્તા અને ભવ્ય દ્રષ્ટિકોણ સાથે રજૂ કરવામાં આવે તો એક જ ભાષાની ફિલ્મ પણ વૈશ્વિક સ્તરના આંકડા હાંસલ કરી શકે છે.

ફિલ્મની અભૂતપૂર્વ સફળતા વચ્ચે નિર્માતાઓએ હવે આગળના અધ્યાયની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. પ્રથમ ભાગ હજી પણ થિએટરર્સમાં સફળતાથી ચાલી રહ્યો છે, ત્યારે જ 'ધુરંધર ૨' પર કામ પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મને ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ ભવ્ય થિયેટર રિલીઝની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે.

સિક્વલને ટેક્નિકલ અને ભાવનાત્મક રીતે પહેલા ભાગ જેટલી જ પ્રભાવશાળી બનાવવા માટે તાજેતરમાં મુંબઈના વિલે પાર્લે વિસ્તારમાં ત્રણ દિવસનું મહત્વપૂર્ણ પેચ શૂટ શરૂ કરવામાં આવ્યું છે. આ શૂટિંગ દરમિયાન બીજા ભાગના કેટલાક હાઈ-ઈન્ટેન્સિટી સીનને વધુ અસરકારક બનાવવા પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# બોર્ડર ૨એ ચાર દિવસમાં ૨૫૦ કરોડનો આંકડો પાર કરી લીધો

બોર્ડર ૨ રિલીઝ થઈ ત્યારથી જ તેને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મે રિલીઝના ચાર જ દિવસમાં કમણીના રોકર્ડ તોડી નાખ્યા છે. ફિલ્મે પ્રજાસત્તાક દિવસે જ એક દિવસમાં લગભગ ૫૯ કરોડથી પણ વધુ કમાણી કરી છે. આ દિવસોમાં ફિલ્મના મોડી રાતના અને વહેલી સવારના ખાસ શો પણ યોજાયા હતા. ૨૬ જાન્યુઆરીના સંદર્ભે આ ફિલ્મ ૨૩ જાન્યુઆરીએ રિલીઝ કરવામાં આવી હતી અને ચાર દિવસમાં આ ફિલ્મે વર્લ્ડ વાઈડ ૨૫૦ કરોડની કમાણીનો આંકડો પાર કરી લીધો છે.




સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી અભિનીત આ વોર ડ્રામાએ રિપબ્લિક ડેના લાંબા વીકએન્ડ દરમિયાન બોક્સ ઓફિસ પર નોંધપાત્ર ઉછાળો નોંધાવ્યો છે. ફિલ્મને દર્શકો અને સમીક્ષકો તરફથી ઘણો સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. બોર્ડર ૨એ રિલીઝના પહેલા દિવસે જ સારી શરૂઆત કરી હતી. સવારે કેટલાક શો રદ થયા હોવા છતાં ફિલ્મે પ્રથમ દિવસે ૩૦ કરોડ કમાણી કરી હતી. ત્યારબાદના ત્રણ દિવસોમાં ફિલ્મની કમાણીમાં મજબૂત વધારો નોંધાયો અને ચોથા દિવસે, એટલે કે પ્રજાસત્તાક દિવસે, ફિલ્મે દેશમાં ૫૯ કરોડની કમાણી કરી.

આ રીતે અનુરાગ સિંહ દિગ્દર્શિત આ ફિલ્મે ભારતમાં ચાર દિવસમાં કુલ ૧૮૦ કરોડ જેટલી અને અંદાજિત ૨૧૨.૫ કરોડની કમાણી કરી લીધી છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ફિલ્મની શરૂઆત શાનદાર રહી છે. રવિવાર બાદ વિદેશી બજારોમાં ફિલ્મે અંદાજે ૪.૩ મિલિયન ડોલરની કમાણી કરી છે. પરિણામે, ચાર દિવસમાં ફિલ્મનું કુલ ગ્લોબલ કલેક્શન આશરે ૨૫૧ કરોડ સુધી પહોંચી ગયું છે.

બોર્ડર ૨ આ કમાણી સાથે ગયા વર્ષથી અત્યાર સુધી વિશ્વભરમાં ૨૫૦ કરોડનો આંકડો પાર કરનારી માત્ર સાતમી હિન્દી ફિલ્મ બની છે. સોમવારે ફિલ્મે સલમાન ખાનની સિદંકરની ૧૮૪ કરોડની કમાણી અને અજય દેવગનની રેડ ૨ની ૨૪૩ કરોડ જેવી મોટી ફિલ્મોના લાઈફટાઈમ કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. હવે ફિલ્મ ઝડપથી ૩૦૦ કરોડના માઈલસ્ટોન તરફ આગળ વધી રહી છે અને બુધવાર સુધી આ આંકડા સુધી પહોંચી જાય એવી પૂરી શક્યતા છે.ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જે.પી. દત્તા અને નિધિ દત્તા દ્વારા નિર્મિત આ ફિલ્મમાં મોના સિંહ, સોનમ બાજવા, મેધા રાણા અને અન્યા સિંહ પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ ૨૦૨૬ની બોલિવૂડની પહેલી મોટી અને રેકોર્ડ કમાણી કરનારી રિલીઝ છે.

## ફિલ્મનામાઃ ફર્ઝી... ફ્રોડની ફેન્ટાસ્ટિક દુનિયા

# 'હમ લોગ મિડલ ક્લાસ નહીં, મિડલ ફિંગર ક્લાસ હૈ!'

'આ અમીરોએ બનાવેલી સિસ્ટમ છે કે જેમાં ગરીબ જિંદગીભર વ્યાજ ભરતો રહે છે અને એ (અમીર) વ્યાજ ખાતો રહે છે...' 'પૈસાથી ખુશી મળતી નથી... આ ડાયલોગ માત્ર એ લોકો જ માર્યા કરે છે, જેની પાસે પૈસા છે જ નહીં!' 'સબ કે અંદર એક ચોર હૈ, સીર્ફ ચાન્સ કે લીએ વેઈટ કરતાં હૈ!' 'જબ નીચે આગ નહીં લગતી, તબ તક ઈન્સાન રોકેટ નહીં બન પાતા હૈ!'

આ સંવાદોના અન્ડર કરંટમાંથી ડિઝાઈન થયેલી વાર્તા એટલે પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થયેલી સાડા સાત કલાક લાંબી 'ફર્ઝી' વેબ સિરીઝ. પાયાની જરૂરિયાતોનો અભાવ માણસને ક્રાઈમ કરવા ઉશ્કેરતો હોય છે, એવી માન્યતા ભલે દૃઢ હોય પણ પૂર્ણ સચ્ચાઈ છે કે ખોખલી મહત્ત્વાકાંક્ષા કે ઊંચે ઊડવાની ઉતાવળ ય માણસને ક્રાઈમની લપસણી સપાટી પર મૂકી દેતી હોય છે અને શાહિદ કપૂર-વિજય સેતુપતિ - કે. કે. મેમન - અમોલ પાલેકર તેમ જ ઝાકિર હુસૈન જેવા તગડા અભિનેતાઓ સાથેની 'ફર્ઝી' વેબસિરીઝ આ જ ફિલોસોફી પર આધારિત છે.

એક ક્રિમિનલ પિતાનો ટીનએજ પુત્ર સિદ્ધાંતવાદી પત્રકાર-નાના પાસે ઉછરીને મોટો થાય છે. નાના તેને એક ઉત્તમ ચિત્રકાર-પેઈન્ટર બનાવવાની તાલીમ આપે છે ત્યારે તેને સપનામાં પણ ખ્યાલ નથી કે પૌત્ર સન્ની (શાહિદ કપૂર) પોતાની આ સુપર આર્ટનો કેવો બેતુકો ઉપયોગ કરવાનો છે. આજકાલ 'ધૂરધંર' ફિલ્મે ધમાલ બોલાવી છે અને આ ધમધમાટ આગામી માર્ચ મહિના પછી પણ ચાલતો રહેવાનો છે. આ 'ધૂરંધર' ફિલ્મના પ્રથમ ભાગમાં પાકિસ્તાનમાં ટ્રેઝરી લેવલ પર છપાતાં ભારતીય ચલણનો અછડતો ઉલ્લેખ પણ છે.

ફર્ઝી વેબ સિરીઝમાં નકલી નોટની જ વાત છે પણ એ ભારતના પરિપેક્ષમાં છે. વિશ્ર્વવિખ્યાત ચિત્રોની નકલ (ફર્સ્ટ કોપી) બનાવતાં-બનાવતાં 'ફર્ઝી'નો સન્ની પાંચસો રૂપિયાની નકલી નોટ બનાવે છે અને અંડરવર્લ્ડમાં 'આર્ટિસ્ટ' તરીકે જાણીતો થઈ 'પાંચમાં પૂજાવા' લાગે છે. તેની સાથે મિત્ર ફિરોઝ (ભુવન અરોરા) પણ રેકેટમાં સામેલ છે. સામા પક્ષે વિદેશમાં રહીને નકલી નોટ બનાવીને ભારતમાં ઘુસાડતાં મનસુર દલાલ (કે. કે. મેનન)ની પાછળ પડેલો સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમનો ઈન્સ્પેક્ટર




માઈકલ (વિજય સેતુપતિ) છે.

માઈકલને તો મનસૂર દલાલ જેવા મગરમચ્છને પકડવામાં દિલચસ્પી છે, પણ એક ક્રોસ રોડ પર તેનો ભેટો અને અથડામણ પરફેક્ટ નકલી નોટ બનાવતા 'આર્ટિસ્ટ' સાથે ય થવાનો છે, એ આપણે જાણીએ છીએ છતાં સાડા સાત કલાકની વેબ સિરીઝ તમે રાત ઉજાગરા કરીને પૂરી કરો છો, કારણ કે... હિન્દી વેબ સિરીઝમાં આટલું બારિક રિસર્ચ, શાર્પ સ્ટોરી ટેલિંગ, દિલધડક ટ્વિસ્ટ અને ક્લાસિક પાત્રલેખન-અભિનયની જુગલબંદી ભાગ્યે જ થતી હોય છે.

'આર્ટિસ્ટ' (શાહિદ કપૂર) નકલી પાંચસોની નોટ બનાવે એ પહેલાં ઓરિજિનલ ચલણની બારીકાઈ તેમજ વિશિષ્ટતા દર્શાવવામાં આવી છે, એ ખરેખર લાજવાબ છે. એક ડાયલોગ પણ છે કે- 'લોગ જીસ કે (પૈસા-રૂપિયા) પીછે પાગલ હૈ, ઉસે કભી ધ્યાન સે દેખતે ભી નહીં!'

'ફેમિલી મેન' જેવી એકદમ સફળ સિરીઝની ત્રણ સિઝન આપનારી ડિરેક્ટર જોડી રાજ (નિદિમોરું) અને ડીકે (ક્રિષ્ના) એ 'ફર્ઝી'માં પણ કમાલ કરી છે, કારણ કે તેમનું પેપર વર્ક (રાજ-ડી. કે. ઉપરાંત રાઘવ દત્ત, સુમન કુમાર, સીતા મેનન) એકદમ જબ્બરદસ્ત છે. વેબ સિરીઝમાં સંશોધકનો સ્ટડી, ક્રિમીનલનું રિસર્ચ, માનવીય કુંઠા, મુફલિસનો આક્રોશ તેમજ નિયતિના આટાપાટાનો સુભગ સમન્વય થયો છે તો રાશી ખન્ના સહિતના તમામનું કાસ્ટિંગ પરફેક્ટ છે.

જો કે સૌથી વધારે મજા તમને તામિલ એક્સેન્ટમાં હિન્દી બોલતાં વિજય સેતુપતિ આપે છે. આ બંદો હિન્દી સ્ક્રીનમાં તહેલકો મચાવશે એ લખી રાખજો. વિજય સેતુપતિ અને નેતા બનતાં ઝાકિર હુસૈન વચ્ચેનાં દશ્યો અને (ટેલિફોનીક) વાતચીત આ લખનારની દષ્ટિએ 'ફર્ઝી'ની સૌથી મોટી હાઈલાઈટ્સ છે.

ઓટીટી પ્લેટફોર્મ પર 'ફર્ઝી' નામનો બ્લાસ્ટ પણ શાનદાર રીતે થયો છે એટલે ૨૦૨૬માં તેનો બીજો પાર્ટ પણ આવવાનો છે એટલે 'ફર્ઝી' વેબ સિરીઝના પ્રથમ ભાગ વિષેના આ લખાણને તમારે માત્ર ક્રેડિટ નોટ જેટલું જ મહત્ત્વ આપવું કારણ કે પિક્ચર (ફર્ઝી) અભી (તમારે જોવાનું) બાકી હૈ, મેરે દોસ્ત!

# ભારત દબદબો જાળવવાના ઈરાદે મેદાનમાં ઉતરશે

## વિશાખાપટ્ટનમમાં છેલ્લા સાત વર્ષથી ભારત એકપણ મેચ હાર્યું નથી




ટીમ ઈન્ડિયા પહેલાથી જ શ્રેણી જીતી ચૂકી છે. સૂર્યકુમાર અને તેની ટીમ બુધવારે ચોથી T20I માં ન્યુઝીલેન્ડ સામે પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. ભારતીય ટીમ કોઈ પણ પ્રકારની ઢીલ છોડવા માંગશે નહીં.

સંજુ સેમસન, કુલદીપ યાદવ અને ચક્રવર્તી પર નજર રહેશે, જેઓ તેમના સ્પિનથી ખાસ પ્રભાવશાળી રહ્યા નથી.કુલદીપે છેલ્લી મેચમાં ત્રણ ઓવરમાં ૩૨ રન આપ્યા હતા. તેણે વનડેમાં પણ સારું પ્રદર્શન કર્યું ન હતું.

ચક્રવર્તીને છેલ્લી મેચ માટે આરામ આપવામાં આવ્યો હતો, પરંતુ તેની બોલિંગમાં પહેલી બે મેચમાં જે ધાર હતી તેનો અભાવ હતો. આ સંદર્ભમાં, ભારત ચોથી મેચ માટે બિશ્નોઈને જાળવી રાખવા કે નહીં તે અંગે વિચાર કરશે.

આ મેચ પછી, ભારતીય ટીમ પાસે આવતા મહિને યોજાનારા વર્લ્ડ કપ પહેલા પોતાની ખામીઓને સુધારવા માટે માત્ર એક જ મેચ બાકી છે. પહેલી મેચને બાજુ પર રાખીએ તો, અભિષેક, ઈશાન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવે છેલ્લી બે મેચમાં શાનદાર પ્રદર્શન કરીને એકતરફી જીત મેળવી હતી.ફક્ત સંજુ જ નબળી કડી સાબિત થયો. ભારત અનુક્રમે બીજી અને ત્રીજી મેચ હારી ગયું.

૨૦૯ અને ૧૫૪ (કુલ ૩૬૩ રન) ના લક્ષ્યનો પીછો કરતા ભારતીય બેટિંગ માત્ર ૨૫.૨ ઓવરમાં અભિષેક, ઈશાન અને સૂર્યાની આસપાસ ફરતી રહી. ન્યુઝીલેન્ડની બોલિંગ તેમની સૌથી નબળી કડી સાબિત થઈ રહી છે.

ડફી તેમનો સૌથી આર્થિક બોલર છે, જેનો ઈકોનોમી રેટ ૧૦.૩૦ છે. અન્ય બોલરોમાં હેનરીનો (૧૩.૮૦), જેમીસન (૧૪.૨૦), સેન્ટનર (૧૩.૧૪) અને ઈશ સોઢી (૧૨.૫૦) ભારતીય બેટ્સમેનોને મુશ્કેલીમાં મુકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે.

ન્યુઝીલેન્ડ આ મેચમાં ફોર્મમાં ચાલી રહેલા ડેરિલ મિશેલને ઉપરના ક્રમમાં મોકલી શકાય છે. વર્લ્ડ કપ પહેલા જીતવા માટે ન્યુઝીલેન્ડના બોલરોએ સારું પ્રદર્શન કરવું પડશે. આ મહત્વપૂર્ણ વિભાગ તેમના માટે ચિંતાનો વિષય છે.


# ડોન બ્રેડમેને ભારતીય ક્રિકેટરને આપેલી ટોપી રૂા.૨.૯૨ કરોડમાં વેચાઈ




ઓસ્ટ્રેલિયાના સર ડોનાલ્ડ (ડોન) બ્રેડમેનને ક્રિકેટ ઈતિહાસના સૌથી મહાન બેટર માનવામાં આવે છે. તાજેતરમાં તેમને પહેરેલી એક ટોપી ૪,૬૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે આશરે ૨.૯૨ કરોડ રૂપિયામાં વેચાઈ છે.ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં ડોન બ્રેડમેનની 'બેગી ગ્રીન' કેપની હરાજી કરવામાં આવી હતી, એક અનામી ખરીદદારે આ કેપ માટે ૪,૬૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર ચૂકવ્યા હતાં. મહત્વની વાત એ છે કે, ૧૯૪૭-૪૮માં સ્વતંત્ર ભારતની ક્રિકેટ ટીમ સામેની પ્રથમ ટેસ્ટ સિરીઝ દરમિયાન ડોન બ્રેડમેને આ કેપ પહેરી હતી. આ સિરીઝ બાદ તેમણે આ કેપ ભારતના બોલર શ્રીરંગા સોહનીને ગીફ્ટ કરી હતી. સોહની પરિવારે આ કેપ લગભગ ૯૫ વર્ષ સુધી તેમની પાસે સાચવી રાખી હતી, અને ક્યારેય તેને જાહેરમાં પ્રદર્શિત કરી ન હતી. પરિવારે એક નિયમ બનાવ્યો હતો, જ્યારે કોઈ પરિવારજન ૧૬ વર્ષનો થાય છે, ત્યારે તેને ફક્ત પાંચ મિનિટ માટે આ કેપ જોવાની મંજૂરી આપવામાં આવતી હતી.વર્ષો બાદ લોયડ્સ ઓક્શન્સ નામની કંપનીએ ડોન બ્રેડમેનની આ કેપની હરાજી કરી હતી. કંપનીના અધિકારીને આ કેપને "ક્રિકેટની દુનિયાનો સૌથી કિંમતી ખજાનો" ગણાવી હતી. નોંધનીય છે કે, શ્રીરંગા સોહનીએ સ્વતંત્ર ભારતની ક્રિકેટ ટીમ તરફથી પહેલો બોલ ફેંક્યો હતો. શ્રીરંગા ઓસ્ટ્રેલીયા સામેની ૧૯૪૭-૪૮ની ટેસ્ટ સિરીઝની માત્ર પહેલી મેચ રમી હતી, તેમને એક પણ વિકેટ મળી ન હતી. આ મેચ બાદ બ્રેડમેને શ્રીરંગાને સ્મૃતિચિહ્ન તરીકે આ કેપ આપી હતી.આ ખાસ કેપની અંદર ડી.જી. બ્રેડમેન અને એસ.ડબલ્યુ. સોહોનીના નામ કોતરેલા છે. અહેવાલ મુજબ બ્રેડમેનની આવી ૧૧ બેગી ગ્રીન કેપ્સ ઉપલબ્ધ છે. હરાજીમાં સૌથી મોંઘી બેગી ગ્રીન કેપનો રેકોર્ડ લિજેન્ડરી સ્પિનર શેન વોર્નના નામે છે. વર્ષ ૨૦૨૦ માં, વોર્નની કેપ આશરે ૧ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર એટલે કે રૂ ।.૫.૯૦ કરોડમાં વેચાઈ હતી.

# છેલ્લી ઘડીએ પ્રવેશનારા સ્કોટલેન્ડે ટીમ જાહેર કરી દીધી

## ટીર૦ વર્લ્ડ કપમાં રમનારી ટીમમાં એક અફઘાન અને એક પાક. મૂળનો ખેલાડી સામેલ



આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશને સ્થાને છેલ્લી ઘડીએ પ્રવેશ મેળવનારી સ્કોટલેન્ડની ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. સ્કોટલેન્ડની ટીમના ખેલાડીઓ અને તેમાંય ખાસ કરીને પાકિસ્તાની મૂળના એક ક્રિકેટરની વિઝાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે ત્યારે ૧૫ સદસ્યની ટીમ જાહેર કરી દેવાઈ છે જેના સુકાની પદે રિચી બેરિંગ્ટનની વરણી કરવામાં આવી છે.

સ્કોટલેન્ડની ટીમનો સૌથી અનુભવી અને સફળ ઝડપી બોલર સાફયાન શરીફ પાકિસ્તાની મૂળ ધરાવે છે અને તેના પિતા પાકિસ્તાની છે. આમ તેના વિઝા અંગે સમસ્યા ચાલી રહી છે પરંતુ સ્કોટિશ ક્રિકેટ બોર્ડને આ સમસ્યાનો ઉકેલ આવી જાય અને સાફયાન વર્લ્ડ કપમાં રમે તે અંગે આશા છે. સ્કોટલેન્ડની ટીમ બાંગ્લાદેશને સ્થાને આ વર્લ્ડ કપમાં સ્થાન હાંસલ કરી શકી છે ત્યારે તેને બાંગ્લાદેશ રમવાનું હતું તે મેચોમાં રમવાનું છે. જેનો પ્રારંભ વર્લ્ડ કપની પ્રથમ મેચ એટલે સાતમી ફેબ્રુઆરીથી થશે જ્યારે સ્કોટલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝની ટીમ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતેની તેમના અભિયાનનો પ્રારંભ કરશે.

રિચી બેરિંગ્ટનની ટીમમાં એવા ૧૧ ખેલાડી છે જેઓ અગાઉ ૨૦૨૪માં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં યોજયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં રમી ચૂક્યા હતા. આ વખતે યુરોપિયન ચરણના ક્વોલિફિકેશન રાઉન્ડમાં ઈટાલીએ પાછળ રાખી દેતાં સ્કોટલેન્ડની ટીમ સીધી ક્વોલિફાઈ થઈ શકી ન હતી પરંતુ ક્રમાંકમાં તે ક્વોલિફાય થયેલી ટીમ પછી તરતના સ્થાને હોવાથી બાંગ્લાદેશની બાદબાકીને કારણે તેને ક્રમ આપી દેવાયો હતો. આમ સ્કોટલેન્ડને છેલ્લી ઘડીએ પ્રવેશ મળ્યો છે પરંતુ તેણે આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે સજ્જતા દાખવી છે. સ્કોટલેન્ડના નવા કોચ તરીકે તાજેતરમાં જ ઓવેન ડોકિન્સની વરણી થઈ હતી અને તેમના આ પ્રથમ કાર્યકાળમાં તેમણે સોમવારે રાત્રે ટીમની જાહેરાત કરી દીધી હતી. આ ટીમમાં અફઘાનિસ્તાનમાં જન્મેલા ઝડપી બોલર ઝૈનુલ્લાહ એહસાનને સામેલ કરાયો છે. એહસાન આ ટીમનો એક માત્ર એવો ખેલાડી છે જે હજી સુધી એકેય ઈન્ટરનેશનલ મેચ રમ્યો નથી. તે તાજેતરમાં જ સ્કોટલેન્ડ માટે રમવા માટે માન્યતા મળી ગઈ છે. આ ઉપરાંત સ્કોટલેન્ડ માટે છેલ્લા એક વર્ષથી વન-ડે અને ટી૨૦ ઈન્ટરનેશનલ રમતાં ટોમ બ્રુસ, ફિનલે મેકગ્રા અને ઓલિવર ડેવિડસન પણ ટીમમાં સામેલ છે જેઓ હજી સુધી ટી૨૦ વર્લ્ડ કપમાં રમ્યા નથી. આ સિવાયના ખેલાડીઓ ૨૦૨૪ની મેગા ઈવેન્ટમાં રમ્યા હતા.

# આઇસીસી ટીર૦ વર્લ્ડ કપમાંથી બાંગ્લાદેશની હકાલપટ્ટી બાદ પાકિસ્તાન ક્રિકેટ સાવચેત





બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (બીસીબી) ભારત સામેના વિવાદ બાદ આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં ભાગ નહીં લેવાની ચીમકી ઉચ્ચારી હતી અને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (આઈસીસી)ની તેની અવગણના કરીને બાંગ્લાદેશને જ વર્લ્ડ કપમાંથી હાંકી કાઢ્યું હતું. આ સંજોગોમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (પીસીબી) બાંગ્લાદેશ પ્રત્યે લાગણી દર્શાવીને તેને સપોર્ટ કર્યો હતો પરંતુ જેવું બાંગ્લાદેશની હકાલપટ્ટી થઈ તે સાથે જ પાકિસ્તાન બોર્ડે વલણ બદલી નાખ્યું છે અને જાણે સપોર્ટ પાછો ખેંચી લીધો હોય તેમ જાહેર કરી દીધું છે કે પાકિસ્તાન ક્રિકેટના ભોગે બાંગ્લાદેશને સપોર્ટ કરાશે નહીં. પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર્સ તથા પીસીબીના અધિકારીઓનું કહેલું છે કે પાકિસ્તાને આઈસીસી સાથેના તેના સંબંધો વણસે નહી તે માટે તથા બાંગ્લાદેશને ટેકો આપીને પાકિસ્તાનનું ક્રિકેટ જોખમાય નહી તેવું વલણ અપનાવવું જોઈએ. આ ઉપરાંત તેમણે ટી૨૦ વર્લ્ડ કપ અંગેના તેમના નિર્ણયને બદલી નાખવો જોઈએ. પાકિસ્તાને અગાઉ એવી ધમકી ઉચ્ચારી હતી કે બાંગ્લાદેશની માઉક પાકિસ્તાન પણ સુરક્ષાના કારણોસર ટી૨૦ વર્લ્ડ કપનો બોયકોટ કરશે. બાંગ્લાદેશની હકાલપટ્ટી બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમૈન મોહસીન નકવીએ આગામી વર્લ્ડ કપમાં પાકિસ્તાન ભાગ લેશે કે નહીં તે માટે શુક્રવાર અથવા તો સોમવારની મુદત જાહેર કરી હતી.

જોકે હવે મામલો બદલાઈ ગયો છે કેમ કે પાકિસ્તાનમાં જ મોહસીન નકવીની વિરુદ્ધમાં મત પ્રવર્તી રહ્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન મોહમ્મદ હફીઝે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે પીસીબીએ વર્લ્ડ કપ માટે પોતાની ટીમ મોકલવી જોઈએ. જ્યારે પીસીબીના ચેરમેન ખાલીદ મહેમૂદ અને સેક્રેટરી આરીફ અલી અબ્બાસી પણ આવો જ મત ધરાવે છે તેઓ કહે છે કે વર્લ્ડ કપ માટે પાકિસ્તાનની ટીમ નહીં મોકલવા પાછળ કોઈ લોજિક દેખાતું નથી. અબ્બાસીએ જણાવ્યું હતું કે હું સમજી શકતો નથી કે શા માટે પાકિસ્તાન અત્યારે બાંગ્લાદેશને સપોર્ટ કરે છે. એવો કયો હેતુ છે અથવા તો ટીમ નહીં મોકલીને પાકિસ્તાન શું હાંસલ કરવાનું છે. આમ કરીને પીસીબી માત્ર તેના આઈસીસી સાથેના સંબંધો જ બગાડી રહ્યું છે. જગમોહન દાલમીયા અને આઈએસ બિન્દ્રાના સમયમાં પીસીબીનું સંચાલન સંભાળનારા અબ્બાસીએ જણાવ્યું હતું કે વર્લ્ડ કપ માટે પીસીબીએ ટીમ મોકલવી જ જોઈએ. આ ઉપરાંત શ્રીલંકા સાથેના સંબંધો પણ ધ્યાનમાં રાખવા જોઈએ કેમ કે પાકિસ્તાને તેની તમામ મેચ શ્રીલંકામાં રમવાની છે અને પાકિસ્તાન ભાગ નહીં લે તો નુકસાન શ્રીલંકાને પણ થનારું છે.

ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને પસંદગીકાર મોહસિન ખાને પણ ટીમ મોકલવાની પીસીબીને અરજ કરી હતી. મોહસિને જણાવ્યું હતું કે પાકિસ્તાનને કોઈ સમસ્યા હોય તો તે ભારત સાથે છે જ્યારે ટીમે તો શ્રીલંકામાં રમવાનું છે. આઈસીસીની બેઠકમાં પણ કોઈએ બાંગ્લાદેશની તરફેણ કરી ન હતી. બાંગ્લાદેશ ક્રિકેટ પણ આઈસીસીના નિર્ણય સામે કોઈ અપીલ કરવાનું નથી તેનો અર્થ એ થયો કે તેઓ ભાગ લેનારા નથી તો પછી કયા ધોરણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તેની ટીમ મોકલવાનો કે વર્લ્ડ કપનો બહિષ્કાર કરવાની વાત કરે છે. આખરે તેનાથી પાકિસ્તાન ક્રિકેટ પર માઠી અસર પડી શકે તેમ છે. ઈંઝમામ ઉલ હક અને મોહમ્મદ યુસુફ (યોહાના) જેવા ભૂતપૂર્વ સુકાનીઓએ પણ કોઈ અંતિમ નિર્ણય લેતાં અગાઉ ફેરવિચારણા કરવાની પીસીબીને વિનંતી કરી છે. ઈંઝમામે જણાવ્યું હતું કે અંગત રીતે હું માનું છું કે પીસીબીએ વર્લ્ડ કપ માટે તેની ટીમ મોકલવી જોઈએ. આ બાબત પાકિસ્તાની ક્રિકેટ અને ક્રિકેટર્સના ભલા માટે છે.

# ટી-૨૦ શ્રેણીમાં હારની હેટ્રીક બાદ ન્યુઝીલેન્ડ ટીમમાં ધરખમ ફેરફાર




ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચ T20I મેચની સિરીઝની પહેલી ત્રણ મેચમાં જીત મેળવીને ભારતે સિરીઝ કબજે કરી લીધી છે, છેલ્લે બે મેચના પરિણામની સિરીઝ પર કોઈ અસર નહીં થાય પણ T20 વર્લ્ડ કપ પહેલા આ છેલ્લી બે મેચ જીતીને ન્યુઝીલેન્ડની ટીમ આત્મવિશ્વાસ વધારવા ઈચ્છશે. એવામાં ન્યુઝીલેન્ડે છેલ્લી મોટા ફેરફાર કર્યા છે.

સિરીઝની બાકી મેચ આજે વિશાખાપટ્ટનમ અને ૩૧ જાન્યુઆરીએ તિરુવનંતપુરમમાં રમાશે. ડ પર પોસ્ટ કરીને ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ટીમમાં ફેરફારની જાહેરાત કરી છે. ફાસ્ટ બોલર ક્રિશ્ચિયન ક્લાર્ક અને બેટર ટિમ રોબિન્સનને ટીમમાંથી રિલીઝ કરવામાં આવ્યા છે. જીમી નીશમ, લોકી ફર્ગ્યુસન અને ટિમ સીફર્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.બિગ બેશ લીગમાં પર્થ સ્કોર્ચર્સ તરફથી રમી રહેલો ફિન એલન શાનદાર ફોર્મમાં છે. તેણે ટીમની સિઝનમાં ટાઈટલ જીતમાં મહત્વની ભૂમિકા ભજવી. ફિન એલને સિઝનના ૧૧ મેચમાં ૪૬૬ રન બનાવ્યા, તેણે એક જ BBL સિઝનમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ પણ બનાવ્યો. T20 સિરીઝની છેલ્લી બે મેચ માટે તે ન્યુઝીલેન્ડ ટીમમાં જોડાશે, ત્યારબાદ તે T20 વર્લ્ડ કપમાં રમતો જોવા મળશે.

# ઇન્ટર-ડિસ્ટ્રિક્ટ બીચે સોકર ટૂર્નામેન્ટ (પુરુષ અને મહિલા) - ૨૦૨૬







સુરત જિલ્લા ફૂટબોલ એસોસિએશન તરફથી, આજની પ્રેસ કોન્ફરન્સમાં આપ સૌનું હાર્દિક સ્વાગત કરતા મને અત્યંત આનંદ થાય છે. આજે અમને ગૌરવ સાથે જાહેરાત કરતાં આનંદ થાય છે કે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા આયોજિત પ્રથમ ઈન્ટર-ડિસ્ટ્રિક્ટ બીચ સોકર ટૂર્નામેન્ટ (પુરુષ અને મહિલા) - ૨૦૨૬, તારીખ ૨૮ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન દાંડી બીચ, ઓલપાડ, સુરત ખાતે યોજાશે. આ ટૂર્નામેન્ટમાં સમગ્ર ગુજરાતમાંથી વિવિધ જીલ્લાની ૧૩ પુરુષ ટીમો અને ૧૦ મહિલા ટીમો ભાગ લેશે. અમે સુરત જિલ્લા ફૂટબોલ એસોસિએશન તરીકે ગૌરવ સાથે જણાવવા માંગીએ છીએ કે વર્ષ ૨૦૨૩માં અમે સુરતના ડુમસ બીચ ખાતે ભારતની પ્રથમ નૅશનલ બીચ સોકર ચેમ્પિયનશિપનું સફળ આયોજન કર્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ભારતના ૧૯ રાજ્યોની ટીમોએ ભાગ લીધો હતો, અને આ ટૂર્નામેન્ટ માંથી ઈન્ડિયન બીચ સોકર ટીમ માટે પંસદગી થઇ હતી.

આ ટૂર્નામેન્ટના પરિણામે ભારતમાં બીચ સોકરનું એક નવું મોજું શરૂ થયું અને તેના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૨૫માં ભારતીય ટીમ ૨૩ વર્ષ પછી થાઈલેન્ડ ખાતે યોજાયેલી એશિયન બીચ સોકર ચેમ્પિયનશિપમાં ભાગ લઈ શકી હતી. અમને કહેતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ કે સુરત ડીસ્ટ્રીકટ ફુટબોલ અશોશીએશન સેક્રેટરી શ્રી કમલેશભાઈ સેલર ઈન્ડિયા બીચ સોકર ટીમનાં હેડ ઓફ ડેલીગેશન રહ્યા હતાં.બીચ સોકર આજના સમયમાં વિશ્વભરમાં ફૂટબોલનો સૌથી ઝડપથી વિકસતો ફોર્મેટ છે. આ રમત ખૂબ જ ગતિશીલ, વધુ ગોલ્સવાળી, દર્શકો માટે આકર્ષક છે અને ખેલાડીઓ પાસેથી ઉચ્ચ સ્તરની ટેક્નિકલ કુશળતા, ફિટનેસ અને સર્જનાત્મકતા માંગે છે.

બીચ સોકર ખુલ્લા પગે બીચ ઉપર રેતીમાં રમાતી એક આગવી રમત છે. જેમાં બાર મીનીટના ત્રણ હાફ હોય છે. કુલ ૩૬ મીનીટની મેચ હોય છે. ટીમમાં ૧૨ ખેલાડી હોય જેમાં એક ગોલ કીપર સહીત કુલ ૫ ખેલાડીઓ મેદાનમાં રમતા હોય અને ૭ ખેલાડી અવેજીમાં હોય છે અને ચાલુ રમત દરમ્યાન ૭ ખેલાડીઓ માંથી કોચ મેદાનમાં ખેલાડીઓનું રીપ્લેશમેન્ટ કરતા હોય છે. બીચ સોકર ટુર્નામેન્ટ ફીફા બીચ સોકર રુલ્સ મુજબ રમાય છે. આપણી આ ટુર્નામેન્ટ ગુજરાત ફુટબોલ અશોશીએશનનાં નેજા હેઠળ તેઓના દ્વારા નિમણુંક પામેલ મેચ રેફરી તથા મેચ કમિશનરની નિગરણીમાં રમાનાર છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે બીચ સોકરનું સંચાલન ફીફા (FIFA) દ્વારા કરવામાં આવે છે, જેમાં ફીફા બીચ સોકર વર્લ્ડ કપ સર્વોચ્ચ સ્પર્ધા છે. આ વર્લ્ડ કપ દર બે વર્ષે યોજાય છે અને તેમાં વિશ્વની શ્રેષ્ઠ રાષ્ટ્રીય ટીમો ભાગ લે છે. બ્રાઝિલ ફીફા બીચ સોકર વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ સફળ અને પ્રભુત્વ ધરાવતો દેશ છે.

ખંડસ્તર પર, એશિયામાં છહ્લઝ બીચ સોકર એશિયન કપનું આયોજન કરવામાં આવે છે, જ્યાં શ્રેષ્ઠ એશિયન દેશો માત્ર ખિતાબ માટે નહી પરંતુ ફીફા વર્લ્ડ કપ માટે ક્વોલિફિકેશન માટે પણ સ્પર્ધા કરે છે.

જાપાન, ઈરાન, યુએઈ અને ઓમાન જેવા દેશો આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ઉચ્ચ પ્રદર્શન કરતા આવ્યા છે, જેનું મુખ્ય કારણ તેમના મજબૂત ઘરેલુ અને ગ્રાસરૂટ લેવલના બીચ સોકર સ્ટ્રક્ચર્સ છે.

આ ટૂર્નામેન્ટ દ્વારા અમે માત્ર સ્પર્ધાત્મક રમતને પ્રોત્સાહન નથી આપતા, પરંતુ ફિટનેસ, જાતિ સમાનતા, પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને ગ્રાસરૂટ સ્તરે રમત વિકાસને પ્રોત્સાહન આપી, આંતર રાષ્ટ્રીય 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ' અને આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના, ખેલો ઈન્ડિયા' અને 'ફિટ ઈન્ડિયા'ના દૃષ્ટિકોણને પણ સમર્થન આપી રહ્યા છીએ.


સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૨૮ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# લક્ષ્મી ડાયમંડ ગજેરા તથા મહાકાલ ગ્રુપ પર ઈન્કમટેક્સના દરોડા

## ડાયમંડ, કન્ટ્રકશન તથા એજ્યુકેશન ક્ષેત્રમાં મોટુ નામ ધરાવતા ગજેરા પરિવાર તથા અનિલ બગદાણા અને તેના ભાગીદારો ડીડીઆઈ વિંગસની ઝપેટમાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

ઈન્કમટેક્ષ વિભાગની ડીડીઆઈ ભંગ દ્વારા આજે સુરત શહેરના મહાકાલ ગ્રુપ તેમજ ડેવલપર ગ્રુપ સાથે સંકળાયેલા અનિલ બગદાણાની વિવિધ ઓફીસો તેમજ તેમની સાથે સંકળાયેલા મોટા માથાઓને ત્યાં રેડ કરી હોવાની માહિતી સુત્રો પાસેથી જાણવા મળી રહી છે. સવારના સમયે ડીડીઆઈના સર્ચને પગલે શહેરમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ડીડીઆઈના અધિકારીઓ દ્વારા મહાકાલ ગ્રુપના અનિલ બગદાણા સહિતના ભાગીદારો ઉપરાંત તરૂણ ભગત, પ્રવિણ ભુત, તેમજ વસંત ગજેરાને ત્યાં પણ ઈન્કમટેક્ષ ડીડીઆઈ વિંગ દ્વારા સર્ચ શરૂ કરવામાં આવ્યું છે. વસંત ગજેરા રીયલ



એસ્ટેટ ડેવલોપર તરીકે જાણીતું નામ છે ત્યારે આજે રેડ પડતાની સાથે જ તેમના ભાગીદારોમાં પણ ફફડાટ ફેલાયો હતો. માર્ચ મહિનો નજીક આવતા આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા ટાર્ગેટ પુર્ણ કરવા માટે સર્ચ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે સવારના સમયે પડેલી રેડને પગલે બિલ્ડરો અને ઉદ્યોગપતિઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વિશ્વસનીય સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર આઈટી ડિપાર્ટમેન્ટની ડીડીઆઈ વિંગ દ્વારા સવારના સમયે ડેપ્યુટી અધિકારીઓના કાફલા સાથે સુરત શહેરના જાણીતા મહાકાલ ગ્રુપના અનિલ બગદાણા સહિતના ભાગીદારો, વસંત ગજેરાના ધંધાકીય સ્થળો ઉપરાંત ઘરો પર પણ સર્ચ કરવામાં આવી રહયું છે.

મહાકાલ ગ્રુપનું નામ ઘણા સમયથી શહેરમાં જમીન સોદાઓ બાબતે ચર્ચાઈ રહયુ હતુ ત્યારે અનિલ બગદાણા સંલગ્ન આ ગ્રુપ સાથે જોડાયેલા મોટા માથાઓને ત્યાં ડીડીઆઈના અધિકારીઓ દ્વારા રેડ કરવામાં આવી છે. અનિલ બગદાણા લાઈઝનિંગના કામો કરવા ઉપરાંત વિવિધ બિલ્ડીંગ ડેવલોપરો સાથે મોટા પાયે રોકાણ કરતા હોવાનું સુત્રો જણાવી રહયા છે. ડીડીઆઈ અધિકારીઓના મોટા કાફલાએ કરેલી રેડમાં વસંત ગજેરાની ઓફીસો ઉપરાંત, રહેણાંક તેમજ પ્રોજેક્ટ પર સર્ચ ચાલી રહયુ છે. આવક-જાવકના હિસાબો સહિતની ફાઈલો ડીડીઆઈ વિંગ દ્વારા ચકાસવામાં આવી રહી છે.

# સોની કારીગર દ્વારા રૂા.૧૬.૮૪ લાખના ઘરેણા-સોનાની ચોરી

## ગ્રાહકોના રિપેર માટે આપેલા દાગીના સાથે કારીગર ફોન બંધ કરીને ફરાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

વાડીફળીયા ઘંટી શેરી ખાતે રહેતા જ્વેલર્સને ત્યાં કામ કરતો પશ્ચિમ બંગાળનો કારીગર ગ્રાહકોના રીપેરીંગ માટે આવેલા દાગીના તેમજ વેચાણ માટે બનાવેલા દાગીના મળી કુલ રૂ.૧૬.૮૪ લાખનું ગોલ્ડ દુકાનેથી ચોરી કરી મોબાઈલ ફોન બંધ કરી ફરાર થઈ ગયો હતો. આ મામલે ગઈકાલે અઠવા પોલીસ સ્ટેશનમાં નોકર ચોરીની ફરીયાદ નોંધાવાઈ હતી.

અઠવાલાઈન્સ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વાડીફળીયા ઘંટી શેરીમાં રહેતા પ્રતાપ મન્સારામ પાલ ઉ.વ.૪૪ વાડીફળીયા સિધ્ધ માતાની શેરી લક્ષ્મી નારાયણ બિલ્ડીંગમાં સોનાની દુકાન સંચાલન કરે છે. દરમિયાન તેમને ત્યાં મુળ પશ્ચિમ બંગાળના કલકત્તા જી.હાવડા સેમપુર થાણાના નારાયણ ગામે રહેતા સુબો ગોબિંદા હાજરા હાલ (રહે. માધવ એપાર્ટમેન્ટ, મોટી છીપવાડ, સુરત) કારીગર તરીકે કામ કરતો હતો. સોના-ચાંદીના દાગીના બનાવવાનું કામ કરતો કારીગર ગત ડિસેમ્બર ૨૦૨૫ના સમયગાળામાં દુકાનમાં રીપેરીંગ માટે આવેલા ગ્રાહકોના ૧૧૦ ગ્રામ સોનાના દાગીના તેમજ વેચાણ માટે બનાવેલા સોનાના પેન્ડન્ટ મળી કુલ રૂ.૧૬.૮૪ લાખનું સોનું ચોરી ફરાર થઈ ગયો હતો. તેનો મોબાઈલ ફોન પણ બંધ હોય આ અંગે ગઈકાલે પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

# પાલ કાસા રીવેરા રેસીડેન્સી પાછળના પ્લોટમાં માટી ચોરી

## સેંકડો ટન માટી ચોરી જનાર બે સામે શહેરી વિકાસ વિભાગે ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

ડભોલીગામ વણજારા વાસ તેમજ ઓલપાડ માસમા ગામ ખાતે રહેતા બે જણા સામે સુરત મનપા શહેર વિકાસ વિભાગના આસીસ્ટન્ટ ઈજનેર દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનમાં માટી ચોરીની ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

રાંદેર ઝોન ખાતે આસીસ્ટન્ટ ઈજનેર તરીકે ફરજ બજાવતા સિધ્ધરાજસિંહ રમસુભાઈ ભાભોર દ્વારા ડભોલીગામ વણજારા વાસ ખાતે રહેતા દિપક જગદીશ વણજારા તેમજ કમલેશ ભાવાજી વણજારા રહે. ઓલપાડ માસમા સિધ્ધેશ્વર વેલી રો-હાઉસ સામે માટી ચોરી બાબતે ફરીયાદ નોંધાવવામાં આવી છે.

અડાજણ પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે પાલ કાસા રીવેરા રેસીડેન્સીની પાછળ એસએમસીના પ્લોટ નં.૧૮૦ તેમજ ટીપી સ્કીમ નં.૧૪ પાલ ખાતે થી જય શ્રી ચામુંડા કાર્ટીંગના માલિક દિપક વણજારા તેમજ કમલેશ ભાવાજી દ્વારા ગેરકાયદેસર રીતે એસએમસી પ્લોટમાં પાંચ હેવી ડ્યુટી ટ્રક લઈ જઈ ખોદકામ કરીને ૬૨૫ ટન માટી જેની કુલ કિંમતર.૧.૨૫ લાખ થાય છે તેની ચોરી કરી હતી.



**સુરત મહાનગરપાલિકાના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે ૨૦૦૯ બેચના અનુભવી આઈએએસ અધિકારી એમ.નાગરાજને આજે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. ગુજરાત સરકાર દ્વારા શાલિની અગ્રવાલની બદલી જીયુવીએનએલ, વડોદરાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે. એમ.નાગરાજન અત્યાર સુધી અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમમાં વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા**



**સરદાર માર્કેટ પાસેની ફ્રુટ માર્કેટમાં આજે વહેલી સવારે ફ્રુટના કેરેટ, બોક્ષ તેમજ ખાલી પુઠામાં એકાએક આગ લાગી જતા ફાયર બ્રિગેડ બોલાવવું પડ્યું હતું. ફાયર ફાયટરોએ તાત્કાલિક પુઠામાં લાગેલી આગ પર અડધા કલાકમાં જ કાબુ મેળવી લીધો હતો. આ બનાવમાં કોઇને કોઇ ઇજા કે કોઇપણ પ્રકારનું માનવ નુકશાન થયું ન હતું. (તસવીર : હનીફ મલેક)**

# રૂા. ૮ હજાર કરોડના બીટકોઇન કૌભાંડમાં ઇડી, સરકાર સામે સુપ્રીમની લાલ આંખ

## કૌભાંડના સૂત્રધાર ધવલ માવાણી અને સતીશ કુંભાણીની ધરપકડ કેમ ન કરી એ મુદ્દે કોર્ટે ખુલાસો પૂછ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

આશરે રૂ. ૮ હજાર કરોડથી વધુના બીસીસી કંપનીના બોટકોઈ કૌભાંડમાં પકડાયેલા શૈલેષ ભટ્ટની જામીન અરજીની સૂનાવણી વખતે સુપ્રીમ કોર્ટ ઈડી અને સરકાર પર ખફા થઈ ગઈ હતી. જે આ કૌભાંડના સૂત્રધાર છે તે ધવલ માવાણી અને સતીષ કુંભાણીની ધરપકડ કેમ ન કરી? તેનો ખુલાસો સરકાર અને ઈડી પાસે માગ્યો હતો. વધુ સુનાવણી આગામી ૨૬ ફેબ્રુઆરીએ હાથ ધરાશે.

આ કેસની હકીકત એવી છે કે, બીસીસી કંપનીના સ્થાપક સતીષ કુંભાણી અને પ્રમોટર ધવલ માવાણીએ દેશ અને દુનિયાભરમાંથી પોતાની કંપનીમાં અનેક લોકોને રોકાણ કરાવ્યું હતું. મોટું ભંડોળ એકત્ર થઈ જતા કંપની બંધ કરી બન્ને પલાયન થઈ ગયા હતા. આ અંગે અમેરિકામાં અને ગુજરાતમાં ઈડીની અમદાવાદ સ્થિત ઝોનલ ઓફિસમાં ગુનો નોંધાયો હતો.

દરમિયાન ઈડીએ ઈસીઆઈઆર મુજબ તપાસ કરી જેમાં સતીષ કુંભાણી અને ધવલ માવાણીને પકડ્યા વગર જ તપાસ પૂર્ણ કરવામાં આવી જ્યારે અન્ય એક તપાસમાં આ કંપનીમાં રોકાણ કરનારા શૈલેષ ભટ્ટની ધરપકડ કરવામાં આવી હતી. જેથી આ ધરપકડ ખોટી હોવાની વાતને ક્ન?દ્રમાં રાખી શૈલેષ ભટ્ટે તેના વકીલ મુકુલ રોહતંગી અને કિશન દૈયાના માર્ગદર્શન તળે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેની સૂનાવણી તાજેતરમાં પૂર્ણ થઈ. આ સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટના જજે સરકાર અને ઈડીની ઝાટકણી કાઢી હતી અને સવાલ કર્યો હતો કે કૌભાંડના સૂત્રધારોને કેમ પકડ્યા નહી? આગામી સૂનાવણી તા. ૨૬મી ફેબ્રુઆરીએ થશે.

# ઓવર બ્રિજ પર અકસ્માત સર્જાતા બાઈક સવારનું મોત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

વરાછા સીતાનગર થી બુટ ભવાની તરફ જતા ઓવર બ્રિજ ઉપર કામરેજના આધેડની બાઈક સાથે અજાણ્યા વાહન ચાલકે અકસ્માત કરતા આધેડનું ગંભીર ઈજાના કારણે સારવાર દરમિયાન મોત નિપજયું હતું. સુરતના કામરેજમાં રહેતા ૨૩ વર્ષીય દિવ્યેશ હરસુખભાઈ ઠુંમરે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ સવારના સુમારે તેમના પિતા હરસુખ નાથાભાઈ ઠુંમર (ઉ.વ. ૫૩) પોતાની હીરો હોન્ડા મોટરસાયકલ લઈને વરાછા સીતાનગરથી બુટ ભવાની તરફ જતા ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે બ્રિજ ઉતરતી વખતે એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે

અનુસંધાન પાના ૭ પર

# સરદાર માર્કેટ પાસેના ફ્રુટ બજારના શેડમાં એકા એક આગ ભડકી ઊઠી

## ખાલી પુઠાના બોક્ષ તથા પ્લાસ્ટીકના કેરેટ આગમાં સળગી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

સરદાર માર્કેટ પાસેની ફ્રુટ માર્કેટમાં આજે વહેલી સવારે ફ્રુટના કેરેટ, બોક્ષ તેમજ ખાલી પુઠામાં એકાએક આગ લાગી જતા ફાયર બ્રિગેડ બોલાવવું પડ્યું હતું. ફાયર ફાયટરોએ તાત્કાલિક પુઠામાં લાગેલી આગ પર અડધા કલાકમાં જ કાબુ મેળવી લીધો હતો. આ બનાવમાં કોઈને કોઈ ઈજા કે કોઈપણ પ્રકારનું માનવ નુકશાન થયું ન હતું.

ફાયર કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર આજે વહેલી સવારે સરદાર માર્કેટ પાસે ફ્રુટ માર્કેટમાં ફ્રુટના વિક્રેતાઓ દ્વારા એક શેડમાં મુકવામાં આવેલા ખાલી કેરેટ, બોક્ષ તેમજ પુઠામાં આગ લાગી ગઈ હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવતા ફાયર બ્રિગેડના કર્મચારી અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા હતા. અડધા કલાક સુધી આગ પર પાણી નાંખી આગ ઓલવવામાં આવી હતી. આગ ક્યા કારણોસર લાગી તે જાણી શકાયું નથી. વહેલી સવારે ફ્રુટ માર્કેટમાં આગ લાગતા વેપારીઓમાં થોડો ભય ફેલાયો હતો જોકે સામાન્ય આગ હોય ફાયર કંટ્રોલ કરી લીધી હતી.

# લિંબાયતમાં જૂના ઝઘડાની અદાવત રાખી મહિલાનો હાથ પકડી સાડી ખેંચી

## માથાભારે વ્યક્તિએ મહિલાના ઘર પાસે પહોંચીને ખેલપુરા કરી નાખવા ધમકી આપી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

લિંબાયત વિસ્તારમાં એક ટપોરીએ જુના ઝઘડાની અદાવત રાખી મહિલાના ઘર પાસે પહોંચી મહિલા સાથે ગાળા ગાળી કરી તેનો હાથ પકડી લઈ સાડી ખેંચી મારી પર જેટલા કેસ કરવા હોય તેટલા કરી લો પરંતુ બીજી વાર તમારો ખેલ પુરો કરી નાંખીશ તેવી ધમકી મહિલાને આપી હતી. આ મામલે લિંબાયત પોલીસ મથકમાં છેડતી સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

લિંબાયત પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લિંબાયત આસપાસનગર-૧ ખાતે રહેતા દિપક ઉર્ફે મહાકાલ માળીનો અગાઉ લિંબાયત વિસ્તારમાં રહેતી એક મહિલાના પરિવાર સાથે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ગઈ તા.૧૪ જાન્યુઆરીના રોજ મહિલાના ઘરની બહાર પહોંચી ગયો હતો અને મહિલાની સાડી ખેંચી તેને ગાળો આપી ચપ્પુ બતાવ્યું હતું. જાનથી મારી નાંખવાની ધમકી આપી મહિલાને ચપ્પુ બતાવીને ડરાવવામાં આવી હોય પુત્રી રડવા લાગતા પડોશીઓ ભેગા થઈ ગયા હતા. દરમિયાન દિપક ઉર્ફે મહાકાલે મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.



**રિંગરોડ પર આવેલા ઉમરવાડા ટેનામેન્ટ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે ડો. આંબેડકર શોપિંગ સેન્ટર પણ ખાલી કરાવવામાં આવ્યું છે. શોપિંગ સેન્ટર સંપૂર્ણ ખાલી કરાયા બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા ડીમોલીશનની કામગીરી શરૂ કરવામાં આવશે. (તસવીર : હનીફ મલેક)**

# સુરતમાં તાપમાનનો પારો ત્રણ ડિગ્રી ગગડતા ઠંડીમાં વધારો

## ઉત્તર દિશા તરફથી પવન ફૂંકાતા દિવસભર ઠંડીનો અનુભવ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

જાન્યુઆરીના મધ્યભાગમાં શહેરમાં મહત્તમ તાપમાનનો પારો ઉંચો જવા સાથે ગરમી પડી હતી. દરમિયાન ગઈકાલે મોડી રાત્રિથી ઉત્તરીય પવનો ફુંકાવા સાથે તાપમાનનો પારો સીધો ૩ ડિગ્રી ગગડી જતા શહેરમાં ઠંડીની અસર જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન આજે સવારે ૧૫.૧ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઉત્તરીય રાજયોમાં બરફ વર્ષા થવા સાથે નોર્થ વેસ્ટમાં તેની અસર જોવા મળી હતી. શહેરમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં વધઘટ વચ્ચે આજે ફરી સવારના સમયે લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી ઘટી ગયું હતું.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત પ્રમાણે આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૫.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાતા ઠંડીની અસર વર્તાઈ હતી. તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો થતા મધ્યરાત્રિથી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

ગત રવિવારે મહત્તમ તાપમાન ૩૪.૪ સેલ્સિયસ ડિગ્રી હતું જે ગઈકાલે ઘટીને ૨૯.૨ સેલ્સિયસ ડિગ્રી થયું હતું. દરમિયાન આજે સવારે લઘુત્તમ તાપમાન પણ ૩ ડિગ્રી ઘટી જતા ઠંડીની અસર રહી હતી. જાન્યુઆરી મહિનાના શરૂઆતમાં તાપમાન ગગડવા સાથે શહેર જિલ્લામાં તેમજ દ.ગુજરાતમાં શિયાળો જામ્યો હતો. જોકે જાન્યુઆરીના મધ્યભાગમાં મહત્તમ તાપમાન ઉંચુ જવા સાથે ઠંડીમાં વધ-ઘટ થવાનું યથાવત રહયું હતું.

# ઝેર પીને યુવાન રત્નકલાકારનો આપઘાત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૮**

હીરાના કારખાનેથી ઘરે આવીને હીરાબાગ ખાતે રહેતા રત્નકલાકારે ઝેરી દવા કી આત્મહત્યા કરી લીધી હતી. એક બાજુ રત્નકલાકારનો પરિવાર વતન સંબંધીના ઘરે લગ્નમાં જવાની તૈયારી કરી રહ્યો હતો. બીજી બાજુ રત્નકલાકારે અંતિમ પગલું ભરી લેતા શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૃતકના આપઘાત પાછળનું રહસ્ય અકબંધ છે.

મૂળ અમરેલીના બાબરીયાધારના વતની અને હાલ હીરાબાગ સ્થિત સંતલાલ સોસાયટી, વિભાગ-૦૬ માં પરિવાર સાથે રહેતો અનીલ વિરજી બારૈયા (ઉં.વ. ૨૩) હીરા ઘસવાનું કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગઈકાલે અનિલ દસ વાગ્યાની આસપાસ કામેથી ઘરે આવ્યો હતો ત્યારબાદ બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સેલફોસ નામની ઝેરી દવા પી લીધી હતી.

ઘટનાની જાણ થતા જ તેમના ભાભી વર્ષાબેન બારૈયા તેમને તાત્કાલિક સારવાર અર્થે મંગલદીપ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. યુવાનની ગંભીર હાલતને જોતા તેમને આઈ.સી.યુ. (ICU) વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, ટૂંકી સારવાર બાદ અનિલનું મોત નિપજ્યું હતું.

સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે અનિલએ કયા કારણોસર પગલું ભર્યું તે જાણવા મળ્યું નથી. હાલ અનિલના સંબંધીને ત્યાં લગ્ન હોય કાલે બધા ગામડે લગ્નમાં જવાના હતા. ત્યારે જ એકાએક અનિલે આ પગલું ભરી દીધું હતું. અનિલની તેની ભાભીની નાની બહેન સાથે સગાઈ નક્કી થવાની વાતચીત પણ ચાલી રહી હતી.